# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

| Year : 15 | Issue : 444 | Dt. 30-09-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906<br>RNI TITLE CODE NO. GUJGUJ12914 |
|---|---|---|---|---|---|

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


ઈમામ મહમૂદ કાફિલા દ્વારા ભારતમાં કથિત રીતે આતંકી નેટવર્ક અને કટ્ટરપંથીકરણ ફેલાવવાના ષડયંત્રનો પર્દાફાશ

# કેરલ-બંગાળમાંથી ૧૩ આતંકી ઝડપાયા

નવી દિલ્હી, તા. ૨૯

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ મંગળવારે આસામ, પશ્ચિમ બંગાળ અને કેરળમાં એકસાથે ૧૬ સ્થળોએ દરોડા પાડીને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જમાત ઉલ મુજાહિદ્દીન બાંગ્લાદેશ એટલે કે જેએમબી સાથે જોડાયેલા ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી જેએમબીની એક શાખા ઈમામ મહમૂદ કાફિલા દ્વારા ભારતમાં કથિત રીતે આતંકી નેટવર્ક અને કટ્ટરપંથીકરણ ફેલાવવાના ષડયંત્રની તપાસના ભાગરૂપે કરવામાં આવી હતી.



રાષ્ટ્રીય તપાસ એજન્સીની કાર્યવાહીમાં આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, પેન ડ્રાઇવ અને મેમરી કાર્ડ સહિતના ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા ૧૩ આરોપીઓમાંથી ૮ને આસામ, ૪ને પશ્ચિમ બંગાળ અને એક આરોપીને કેરળમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. તપાસ એજન્સી અનુસાર, જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણોની તપાસ દ્વારા સમગ્ર કથિત નેટવર્ક અને તેની કામગીરી અંગે વધુ માહિતી મેળવવામાં આવી રહી છે.

આ મામલો ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના શરૂ થયો હતો. તે સમયે આસામ પોલીસે આસામ, પશ્ચિમ બંગાળ અને ત્રિપુરાના અલગ અલગ જિલ્લાઓમાંથી ૧૧ આરોપીઓની ધરપકડ કરી હતી. ત્યારબાદ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિશેષ કાર્યદળ પોલીસ મથકમાં ૩૫ આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો.

તપાસમાં આ કેસ બાંગ્લાદેશમાં બેઠેલા ઈમામ મહમૂદ કાફિલાના સંચાલકો દ્વારા ચલાવવામાં આવતા પૂર્વા આકાશ નામના ટેલિગ્રામ જૂથ સાથે જોડાયેલો હોવાનું સામે આવ્યું હતું. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર આ જૂથનો ઉપયોગ ઓનલાઈન કટ્ટરપંથીકરણ માટે કરવામાં આવતો હતો.

આ કેસમાં ધરપકડ કરાયેલા ૧૧ આરોપીઓ સામે ૨૫ જૂન ૨૦૨૬ના ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તમામ આરોપીઓ હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં હોવાનું જણાવાયું છે. ત્યારબાદ રાષ્ટ્રીય તપાસ એજન્સીએ કેસની તપાસ પોતાના હાથમાં લીધી હતી. ગુવાહાટી સ્થિત રાષ્ટ્રીય તપાસ એજન્સીની વિશેષ અદાલતમાં ૧૧ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તપાસમાં આરોપીઓ ઈમામ મહમૂદ કાફિલાના કથિત ષડયંત્રમાં સક્રિય રીતે સામેલ હોવાનું સામે આવ્યું હોવાની માહિતી તપાસ એજન્સીએ આપી હતી. તપાસ એજન્સીએ આપેલી માહિતી પ્રમાણે ઈમામ મહમૂદ કાફિલા જેએમબીનું એક સ્વરૂપ છે અને તેનો હેતુ પશ્ચિમ બંગાળ તથા ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં જેએમબીની વિચારધારાનો વિસ્તાર કરવાનો હતો. તપાસ મુજબ, આ કથિત ષડયંત્રમાં આતંકવાદી સંગઠનના કટ્ટરપંથી એજન્ડાને પ્રોત્સાહન આપવું, સરળતાથી પ્રભાવિત થઈ શકે તેવા યુવાનોને કટ્ટરપંથી બનાવવાના પ્રયાસો કરવા અને ભારતમાં સંગઠનનું નેટવર્ક વિસ્તૃત કરવાનો સમાવેશ થતો હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સીની તપાસ મુજબ, જેએમબીના વરિષ્ઠ સભ્ય ઈમામ મહમૂદ હબીબુલ્લાહે ભારતમાં પ્રતિબંધિત સંગઠનના એજન્ડાને આગળ વધારવા માટે ઈમામ મહમૂદ કાફિલાની રચના કરી હતી. તપાસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આરોપીઓએ ભારતમાં ઈમામ મહમૂદ કાફિલા અને જેએમબીની હાજરી વધારવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો.

# ચાર મહિલા રનર્સે ભારતને અપાવ્યો છઠ્ઠો ગોલ્ડ મેડલ

## કિરણ પહલ, પૂવમ્મા મચેટિરા, પ્રાચી અને વિથ્યા રામરાજે સિદ્ધિ અપાવી

નવી દિલ્હી, તા.૨૯

ભારતને ચાર મહિલા સ્પર્ધકોએ જાપાનની એશિયન ગેમ્સમાં મંગળવારે ટ્રેક ઍન્ડ ફીલ્ડ ઈવેન્ટ્સનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

કિરણ પહલ, પૂવમ્મા મચેટિરા, પ્રાચી અને વિથ્યા રામરાજે વિમેન્સ ૪ x ૪૦૦ રિલેમાં દેશને આ સિદ્ધિ અપાવી હતી. તેમણે આ દોડ ત્રણ મિનિટ, ૨૯.૬૯ સેકન્ડમાં પૂરી કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બાહરિન તથા ચીનની સ્પર્ધકો અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવતાં સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ જીતી હતી.





સુવર્ણચંદ્રક જીત્યા પછી ચારેય ભારતીય સ્પર્ધક બેહદ ખુશ હતી. એમાં ખાસ કરીને વિથ્યા રામરાજના માનવામાં જ નહોતું આવતું કે તેઓ ગોલ્ડ મેડલ જીતી છે. તે રિલે દોડ પૂરી કર્યા પછી નજીકની બેન્ચ પર જઈને બેસી ગઈ હતી અને તેની આંખોમાં હર્ષનાં આંસુ હતા. સાથી સ્પર્ધકો કિરણ પહલ અને પ્રાચી ચૌધરી તેની પાસે આવીને તેને હકીકતથી વાકેફ કરી રહી હતી કે 'આપણે ગોલ્ડ મેડલ જીતી ગયાં છીએ.' ચોથી રનર પૂવમ્મા મચેટિરા તેમનાથી થોડે દૂર પ્રેક્ષકો સામે જીત સેલિબ્રેટ કરવામાં મગ્ન હતી. એ પહેલાં, ૪x૪૦૦ મિક્સ્ડ રિલે દોડમાં ભારતને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. ગુરિન્દરવીર સિંહ, અનિમેશ કુજુર, સ્નેહા સત્યનારાયણ અને હરિતા ભદ્રાએ આ દોડ ૪૧.૦૬ સેકન્ડમાં પૂરી કરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

પુરુષોની ૪ઙ્૧૦૦ રિલે ફાઇનલમાં ધરમવીર ચૌધરી, વિશાલ થેન્નારાસુ, મનુ થેન્કીનાલિલ અને જય કુમારે ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો તેમ જ તેમણે વિમેન્સ ૪ઙ્૪૦૦ રિલેમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય મહિલા ટીમ સાથે મળીને ફોટો માટે યાદગાર પોઝ આપ્યો હતો.

# PNB કૌભાંડમાં એકની ધરપકડ

## નીરવ મોદીનો સાથી સંદીપ મિસ્ત્રીની UAEથી ભારત લવાયો, CBIએ દોબોચ્યો

નવી દિલ્હી, તા.૨૯

કૌભાંડ કેસમાં ભાગેડું નીરવ મોદીના સહયોગી સંદીપ મિસ્ત્રીની સીબીઆઇએ ધરપકડ કરી લીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંયુક્ત આરબ અમીરાત(UAE)થી પ્રત્યાર્પણ બાદ મંગળવારે મુંબઈમાં મિસ્ત્રીની ઔપચારિક રીતે ધરપકડ કરવામાં આવી હતી. મિસ્ત્રીને સોમવારે યુએઈથી ભારત લાવવામાં આવ્યો હતો. મંગળવારે સીબીઆઇએ તેની ધરપકડ કર્યા બાદ વિશેષ સીબીઆઇ કોર્ટમાં રજૂ કર્યો હતો. એજન્સીએ તેની કસ્ટડીની માંગ કરી નહોતી, ત્યારબાદ અદાલતે મિસ્ત્રીને ૬ ઑક્ટોબર સુધી ન્યાયિક હિરાસતમાં મોકલી દીધો છે.





આ ધરપકડ નવેમ્બર ૨૦૨૫માં વિશેષ અદાલત દ્વારા જારી કરવામાં આવેલા બિનજામીનપાત્ર વોરંટના આધારે કરવામાં આવી છે. સંદીપ મિસ્ત્રી નીરવ મોદીની હોંગકોંગ સ્થિત કંપની 'ફેન્સી ક્રિએશન્સ લિમિટેડ'માં ડિરેક્ટર રહી ચૂક્યો છે. સીબીઆઇનો આરોપ છે કે, મિસ્ત્રીએ નીરવ મોદી અને અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહિત ષડયંત્રમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, આ ષડયંત્ર હેઠળ પંજાબ નેશનલ બેંકને લગભગ રૂ. ૬,૪૯૮.૨૦ કરોડનું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. સીબીઆઇએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, ભારતમાં કેસ નોંધાયા પછી મિસ્ત્રીએ નીરવ મોદીના ભાઈ નેહલ અને અન્ય એક વોન્ટેડ આરોપી સાથે મળીને દુબઈમાં નીરવ મોદી સાથે જોડાયેલી અલગ-અલગ કંપનીઓના ડમી ડિરેક્ટરોને ધમકાવ્યા હતા.

તપાસ એજન્સી અનુસાર, આ કર્મચારીઓને ધરપકડના ડરથી દુબઈ છોડીને ઈજિપ્ત જવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. સીબીઆઇએ આરોપ લગાવ્યો છે કે, આરોપીઓએ પુરાવા નાશ કરવા માટે પોતાના મોબાઇલ ફોન પણ તોડી નાખ્યા હતા. નીરવ મોદી, તેના મામા મેહુલ ચોક્સી અને અન્ય આરોપીઓ સામે વર્ષ ૨૦૧૮થી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) મની લોન્ડરિંગ કેસમાં તપાસ કરી રહ્યું છે. આ કેસોની સીબીઆઇ પણ તપાસ કરી રહી છે.

નોંધનીય છે કે, નીરવ મોદી, મેહુલ ચોક્સી અને અન્ય લોકોએ બેંક અધિકારીઓની મિલીભગતથી ૨ અબજ યુએસ ડોલરથી વધુ(૧૩ હજાર કરોડ રૂપિયાથી વધુ)નું બેંક કૌભાંડ આચર્યું હતું. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, મુંબઈ સ્થિત ડ્ગઇની બ્રેડી હાઉસ શાખામાંથી બોગસ લેટર ઑફ અંડરટેકિંગ(LoU) જારી કરાવીને આ છેતરપિંડી કરવામાં આવી હતી.

કઠુઆમાં કેમ્પના જવાને જ સાથીઓ પર ચલાવી ગોળીઓ, તપાસ શરૂ

# CISF કેમ્પમાં ફાયરિંગ : ચારના મોત

નવી દિલ્હી, તા.૨૯

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લાના બસોહલી સ્થિત CISF કેમ્પમાં એક જવાને પોતાના જ સાથી જવાનો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ૪ જવાનોના મોત નીપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટના પાછળનું ચોક્કસ કારણ અને સંજોગો હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યા નથી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને CISF હેડક્વાર્ટર દ્વારા કોર્ટ ઓફ ઈન્ક્વાયરીના આદેશ આપવામાં આવ્યા છે અને CISFના ડીજી સમગ્ર ઘટના પર સીધી નજર રાખી રહ્યા છે.

આ ગોળીબારની ઘટના સાંજે ૭ વાગ્યાને ૧૦ મિનિટે બની હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ બનાવને ફ્રેટ્રિસાઈડ (આપસી ગોળીબાર) તરીકે જોવામાં આવી રહ્યો છે. જોકે, જવાને કયા કારણોસર સાથીઓ પર ગોળીઓ ચલાવી તે અંગે હજુ તપાસ ચાલી રહી છે. સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આ ઘટના બસોહલીના માશકા વિસ્તારમાં આવેલા સેવા પાવર પ્રોજેક્ટ સ્થિત CISF કેમ્પમાં બની હતી. આ વિસ્તાર હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાની સરહદ નજીક આવેલો છે. પ્રાથમિક અહેવાલો મુજબ, CISF જવાનો વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદમાં હિંસક અથડામણમાં પરિણમી હતી અને એક જવાને ગોળીબાર શરૂ કરી દીધો હતો.

આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં CISF ના કુલ ૪ જવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃત્યુ પામેલા જવાનોમાં એક આસિસ્ટન્ટ કમાન્ડન્ટ અને એક સબ ઈન્સ્પેક્ટર પણ સામેલ છે. મૃતકોની ઓળખ આસિસ્ટન્ટ કમાન્ડન્ટ અંકિત કુમાર પાંડે, સબ ઈન્સ્પેક્ટર લક્ષ્મણ સિંહ, કોન્સ્ટેબલ રફીક અહેમદ અને કોન્સ્ટેબલ સંદીપ કુમાર તરીકે થઈ છે.

આ સમગ્ર મામલાને પગલે સુરક્ષા દળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. CISF હેડક્વાર્ટર દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરી બેસાડવામાં આવી છે. ડીજી CISF પોતે આ તપાસ અને પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કરી રહ્યા છે જેથી ગોળીબાર પાછળના સાચા કારણો સામે આવી શકે.

અમેરિકામાં ભારતનો ઐતિહાસિક ડંકો

# USના આયોવામાં એસ્સાર સ્થાપશે સ્ટીલ પ્લાન્ટ

## ૧૮ બિલિયન ડોલરના જંગી રોકાણ સાથે ૭૭૫૦ જેટલી નોકરીઓનું થશે સર્જન, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસથી કરી ઐતિહાસિક જાહેરાત



નવી દિલ્હી, તા.૨૯

ભારતનું એસ્સાર ગ્રૂપ અમેરિકામાં કુલ ૧૮ બિલિયન ડોલરનું જંગી રોકાણ કરવા જઈ રહ્યું છે. વ્હાઇટ હાઉસમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની ઐતિહાસિક જાહેરાત કરી હતી. આ રોકાણ માત્ર અમેરિકાના સ્ટીલ ઉદ્યોગનું ચિત્ર જ નહીં બદલે, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતીય બિઝનેસ હાઉસનું વર્ચસ્વ પણ સાબિત કરશે.

આ વિશાળ પ્રોજેક્ટ અંતર્ગત એસ્સાર ગ્રૂપ પોતાની માલિકીની યુએસ સ્થિત કંપની 'મેસાબી મેટાલિક્સ' મારફતે આયોવા રાજ્યમાં ૧૫ બિલિયન ડોલરના ખર્ચે એક અદ્યતન સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ કરશે. આ પ્રોજેક્ટ અમેરિકાના ઇતિહાસના સૌથી મોટા સ્ટીલ સંકુલ પૈકીનો એક બનવા જઈ રહ્યો છે. આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા તબક્કાવાર રીતે વાર્ષિક ૧૦ મિલિયન ટન એટલે કે ૧ કરોડ ટન સુધી પહોંચાડવામાં આવશે.

પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વાર્ષિક ૭.૫ મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પ્લાન્ટમાંથી પ્રથમ વ્યાપારી સ્ટીલ ઉત્પાદન વર્ષ ૨૦૩૦ સુધીમાં શરૂ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની જાહેરાત મુજબ આ પ્રોજેક્ટથી ૧૭૫૦ કાયમી નોકરીઓ અને ૬૦૦૦ બાંધકામ સંબંધિત નોકરીઓનું સર્જન થશે.

ભારતીય જૂથે માત્ર સ્ટીલ ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતાં અમેરિકાની ધરતી પર સંપૂર્ણ ઈન્ટિગ્રેટેડ સ્ટીલ સપ્લાય ચેઇન તૈયાર કરવાનો માસ્ટરપ્લાન બનાવ્યો છે. એસ્સાર ગ્રૂપે મિનેસોટાના નાશવાક સ્થિત મેસાબી મેટાલિક્સના આયર્ન ઓર પ્રોજેક્ટમાં પહેલેથી જ ૨.૫ બિલિયન ડોલરથી વધુ રકમનું રોકાણ કરી દીધું છે. એસ્સારના જણાવ્યા અનુસાર, મિનેસોટા ખાતે શરૂ થયેલી આ કામગીરી છેલ્લા લગભગ ૫૦ વર્ષોમાં યુએસમાં શરૂ થનારી પ્રથમ નવી આયર્ન ઓર ખાણ અને પેલેટ પ્લાન્ટ છે.

૧૬૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી આ સુવિધા જ્યારે પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થશે, ત્યારે તે દર વર્ષે ૭ મિલિયન ટન સુધીના ડાયરેક્ટ રિડક્શન ગ્રેડના આયર્ન ઓર પેલેટ્સનું ઉત્પાદન કરશે. મિનેસોટાની ખાણોમાંથી નીકળતો આ કાચો માલ આયોવાના પ્લાન્ટમાં સ્ટીલ બનાવવા માટે ઉપયોગમાં લેવાશે. આ સંપૂર્ણ પ્રોજેક્ટ રોજગારીનું મોટું સર્જન કરવાની સાથે ત્યાંના અર્થતંત્ર પર ૯૫ બિલિયન ડોલરનો પ્રભાવ પાડશે.

# સાડા ત્રણ કરોડના દારૂ પર ફેરવાયું બુલડોઝર

## જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પકડાયેલા ૪૭૩ કેસના ૧.૨૨ લાખથી વધુ દારૂ બીયરના જથ્થાનો નાશ; ઝોન-૧, ઝોન-૨ અને ક્રાઈમ બ્રાન્ચની સઘન કામગીરીનું પરિણામ





રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેર પોલીસ દ્વારા બુટલેગરો પર કડક સકંજો કસીને પકડવામાં આવેલા કરોડો રૂપિયાના વિદેશી દારૂના જથ્થાનો આજે સફાયો કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઠરાવ અને કોર્ટના હુકમ અન્વયે રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવેલ અને પકડાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂ (ઈંગ્લીશ) ના નાશ માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિના અધ્યક્ષ, સભ્યો તથા સભ્ય સચિવની રૂબરૂમાં આજે તારીખ ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યે આ મેગા ડિસ્પોઝલ કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજકોટ પોલીસ દ્વારા સાત હનુમાનથી આગળ સોખડા અને નાકરાવાડી ગામ વચ્ચે ડાબી બાજુએ આવેલી સરકારી ખરાબાની જગ્યાએ આ વિશાળ માત્રામાં રહેલા દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

પોલીસની આ સફળ કામગીરીના આંકડાઓ જોઈએ તો, વર્ષ ૨૦૨૬ ના જાન્યુઆરીથી ઓગસ્ટ મહિના સુધીમાં શહેરના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા સઘન ચેકિંગ કરીને કુલ ૪૭૩ કેસ કરવામાં આવ્યા હતા. આ તમામ કેસોમાં પકડાયેલા કુલ ૧,૨૨,૧૪૮ દારૂની બોટલ અને બીયરના ટીનનો આજે નાશ કરવામાં આવ્યો છે, જેની કુલ માતબર કિંમત રૂપિયા ૩,૫૪,૨૧,૩૦૮ થવા જાય છે. વિભાગવાર ઉત્કૃષ્ટ કામગીરી પર નજર કરીએ તો, ઝોન-૧ દ્વારા સૌથી વધુ ૨૧૪ કેસમાં ૨,૨૬,૪૬,૮૨૫ રૂપિયાનો ૭૦,૨૨૧ બોટલનો જથ્થો જપ્ત કરાયો હતો. તેવી જ રીતે ઝોન-૨ દ્વારા ૧૮૮ કેસમાં ૨૭,૪૧,૫૫૦ રૂપિયાનો ૧૦,૩૭૦ બોટલનો જથ્થો અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૭૧ મોટા કેસમાં ૧,૦૦,૩૨,૯૩૩ રૂપિયાની કિંમતનો ૪૧,૫૫૭ બોટલ દારૂનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. રાજકોટ પોલીસની આ સંયુક્ત અને સઘન કામગીરીથી શહેરમાં ગેરકાયદેસર દારૂનો વેપલો કરતા તત્વો પર મોટો ફટકો પડ્યો છે.

### અન્ય બે દરોડામાં આજીડેમ અને યુનિવર્સિટી પોલીસની પણ કાર્યવાહી

# PCBએ દારૂ ભરેલી ક્રેટા સાથે એકને પકડ્યો




રાજકોટ તા. ૨૯

દારૂની હેરાફેરીનો વધુ એક વખત પર્દાફાશ થયોહ તો. ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગર જવાના રોડ ઉપરથી પીસીબીની ટીમે બાતમીના આધારે પોણા લાખનો દારૂનો જથ્થો ભરેલી કાર સાથે એક શખ્સને પકડીલઇ કુલ રૂા.૧૦.૭૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.પીસીબીના પીઆઇ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ અનીલભાઇ સોનારા અને કોન્સ. હરપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગર જવાના રસ્તેથી ક્રેટા કારમાં દારૂનો જથ્થો ભરીને નિકળેલા વિજયસિંહ નવલસિંહ ડાભી (ઉ.વ.૨૮) રહે. હરસિધ્ધી સોસાયટી પુનીતનગરના ટાંકા પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ)ને પકડી લઇ રૂા.૭૮ હજારની દારૂની ૨૪૦ બોટલ અને કાર સહિત રૂા.૧૦.૭૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

દારૂનો જથ્થો પકડી લેવાની આ કામગીરી પી.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. ત્રાજીયા,આર.કે. જાડેજા એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા પો. હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેત, ઉમેશભાઇ ચાવડા દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા એ કરી હતી.

બીજા દરોડામાં યુનિવર્સિટી પોલીસ મથકના મથકના પીએસઆઇ એસ.એન. શ્યોરા, હેડકોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા સહિત સ્ટાફે રૈયાધાર મેઇનરોડ પરથી જયશે ઉર્ફે જય પ્રવિણભાઇ રાઠોડ (ઉ.વ.૨૨ રહે રૈયાધાર)ને રૂા.૮૬૪૦ના દારૂના ૪૮ ચપલા સાથે પકડી લીધો હતો. જ્યારે ત્રીજા દરોડામાં આજીડેમ પોલીસના હેડકોન્સ. એપી.સોલંકી, અંકિતભાઇ નિમાવત, અજયભાઇ ગઢવી, મહેન્દ્રભાઇ રાઠોડ સહિતના સ્ટાફે સ્વાતી રોડ પાસે વિરાજ ચોક નજીકથી યશ હરીકૃષ્ણભાઇ ત્રિવેદી (ઉ.વ.૨૩ રહે નારાયણનગર મેઇનરોડ, કોઠારીયા સોલવન્ટાને ૧૬૫૦ની દારૂની ૧૦ બોટલ સાથે પકડી લીધો હતો.

# રીક્ષા ગેંગના ચાર સાગરીતો પાસા હેઠળ જેલહવાલે

## પેસેન્જરને રીક્ષામાં બેસાડી નજર ચૂકવી ખિસ્સા હળવા કરતી ટોળકીને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લીધી; ચારેય આરોપીઓને અમદાવાદ, હિંમતનગર, મહેસાણા અને પાલનપુર જેલમાં ધકેલાયા




રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ આચરતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે ખાસ કરીને પુરુષોને બેસાડી, તેઓની નજર ચૂકવી ખિસ્સામાંથી રોકડા રૂપિયાની ચોરી કરી રસ્તામાં ઉતારી દઈ નાસી જતી એક રીક્ષા ગેંગના કુલ ૪ ઈસમોની રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પાસા અધિનિયમ મુજબ અટકાયત કરવામાં આવી છે.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, એડિશનલ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને એસીપી (ક્રાઇમ) બી.બી. બસીયાની સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચે આ ગેંગને પકડી પાડી તેમના વિરુદ્ધ પાસાની દરખાસ્તો તૈયાર કરી હતી. પોલીસ કમિશનરે આ દરખાસ્તો મંજૂર કરતા ચારેય આરોપીઓને પકડીને પાસા વોરંટની બજવણી કરી અલગ અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

જેલહવાલે કરાયેલા આરોપીઓમાં પ્રકાશ ઉર્ફે બકુલ નથુ સોલંકી (ઉ.વ. ૨૪, રહે. જંગલેશ્વર, રાજકોટ) - આ રીક્ષા ડ્રાઇવર સામે અગાઉ હત્યા, પ્રોહીબિશન સહિતના ૭ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તેને પાસા હેઠળ અમદાવાદ જેલ ખાતે ધકેલી દેવાયો છે. આકાશ કિશન વણોદીયા (સોલંકી) (ઉ.વ. ૨૫, રહે. ઘંટેશ્વર, રાજકોટ) - આ આરોપી સામે અગાઉ ચોરી અને મારામારીના ૫ ગુનાઓ નોંધાયેલા છે, જેને હિંમતનગર જેલ હવાલે કરાયો છે. રોહિત ઈકુ કોઈડીયા (ઉ.વ. ૨૦, રહે. ભગવતીપરા, રાજકોટ) - રીક્ષા ડ્રાઈવિંગ કરતા આ શખ્સ સામે અગાઉ ૫ ગુનાઓ નોંધાયેલા છે અને તેને મહેસાણા જેલમાં મોકલી દેવાયો છે. ૪. વિપુલ વિનોદ ડોડા (ઉ.વ. ૨૧, રહે. ભગવતીપરા, રાજકોટ) - ડેકોરેશનનું કામ કરતા આ આરોપી સામે પોસ્કો, અપહરણ અને બળાત્કાર જેવા ૩ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેને પાલનપુર જેલ ખાતે મોકલવામાં આવ્યો છે. રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, પીએસઆઇ એસ.એમ. રાણા અને તેમની ટીમે કામગીરી પાર પાડી હતી.

# બે ચોરાઉ બાઈક સાથે બે સગીર ઝડપાયા

## ભક્તિનગર પોલીસે શાપર વેરાવળ પોલીસના વાહનચોરીના બે ગુનાઓનો ભેદ ઉકેલ્યો

રાજકોટ, તા.૨૯

રાજકોટની ભક્તિનગર પોલીસે કોઠારીયા મેઇન રોડ પર આવેલા ઇન્ડિયન ઓઇલ પંપ પાસેથી નંબર પ્લેટ વગરના બે ચોરાઉ મોટરસાયકલ સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરોને ઝડપી પાડ્યા છે. પોલીસ ઇન્સ્પેક્ટર જયદિપસિંહ ડી. પરમારના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.હેડ. કોન્સ. મયુરદાન બાટી, પો.કોન્સ રવીભાઇ રત્નું, યુવરાજસિંહ જાદવ અને યોગીરાજસિંહ જાડેજા પેટ્રોલિંગમાં હતા. ત્યારે મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ બંને પાસે વાહનોના કોઈ આધાર પુરાવા કે આર.સી. બુક ન હતા, અને તેમણે આ વાહનો શાપર વેરાવળ હાઇ-વે નજીકની રહેણાંક સોસાયટીઓમાંથી રાત્રીના સમયે ચોર્યા હોવાની કબૂલાત આપી હતી.

પોલીસે આ બંને કિશોરો પાસેથી બે મોટરસાયકલ શંકાસ્પદ મિલકત તરીકે કબ્જે કર્યા છે. જેમાં રૂપિયા ૬૦,૦૦૦નું એક કાળા કલરનું હીરો સ્પ્લેન્ડર પ્લસ અને રૂપિયા ૪૦,૦૦૦નું બીજું લાલ-બ્લુ પટ્ટાવાળું હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઇક સામેલ છે. વાહનચોરીનો ભેદ ઉકેલાતા રાજકોટ ગ્રામ્યના શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલવામાં ભક્તિનગર પોલીસને સફળતા મળી છે. આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક સહિતના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી.



# ફરિયાદ પાછી ખેંચવા રિક્ષાચાલકને ધમકી

## છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી માલવિયાનગર પોલીસ મથકે નોંધાયો ગુનો

રાજકોટ તા. ૨૯

રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, એક રિક્ષાચાલકને અગાઉ નોંધાવેલી ફરિયાદ પાછી ખેંચી લેવા માટે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. પોલીસે આ મામલે આરોપી યશ ઉર્ફે ઠોંડી રસિકભાઈ બકરાણીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નવલનગર શેરી નં. ૯ ના ખૂણે મુરલીધર ચોક પાસે રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવતા ૩૯ વર્ષીય સામતભાઇ કાળુભાઇ સિંધવ મંગળવારે તારીખ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે સવા સાતેક વાગ્યે પોતાના દીકરાને શાળાએ મૂકવા જતા હતા. મુરલીધર ચોક પહોંચ્યા ત્યારે દીકરાને યાદ આવ્યું કે તેણે ભૂલથી સ્કૂલ ડ્રેસ પહેરી લીધો છે અને આજે ફ્રી ડ્રેસ પહેરવાનો હતો. ઘર નજીક હોવાથી સામતભાઈએ દીકરાને ડ્રેસ બદલવા ઘરે મોકલ્યો અને પોતે ચોકમાં ઊભા હતા.

આ સમયે ત્યાંથી યશ ઉર્ફે ઠોંડી રસિકભાઇ બકરાણીયા એક એક્ટીવા લઈને નીકળ્યો હતો અને સામતભાઈની સામે જોઈને થોડે આગળ જઈને ઊભો રહી ગયો હતો. તેણે ઈશારો કરી સામતભાઈને પાસે બોલાવી બેફામ ગાળાગાળી કરવાનું શરૂ કર્યું હતું. સામતભાઈએ ગાળો બોલવાની ના પાડતા યશે પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી હતી અને ધમકી આપી હતી કે ''તે અગાઉ મારા વિરુદ્ધમાં ફરિયાદ



કરેલ છે તે પાછી ખેંચી લેજે નહીંતર તને જાનથી મારી નાખીશ''.

આ ઘટનાથી ડરી ગયેલા સામતભાઈ પોતાના ઘરે જતા રહ્યા હતા અને રિક્ષામાં બેઠેલા પોતાના ભાઈ ભરતભાઈને સમગ્ર ઘટનાની વાત કરી હતી. બંને ભાઈઓ પરત ફર્યા ત્યાં સુધીમાં યશ ત્યાંથી એક્ટીવા લઈને ભાગી ગયો હતો. સામતભાઈની ફરિયાદ મુજબ, અગાઉ યશ બકરાણીયાએ તેમના વાહનો સળગાવી દીધા હતા જે અંગે તેઓએ પોલીસ ફરિયાદ કરી હતી. આ જ બાબતનું મનદુઃખ રાખીને તેણે ધમકી આપી હોવાથી સામતભાઈએ માલવિયાનગર પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે હેડ કોન્સ્ટેબલ રવિ તુલસીદાસ વાસદેવાણીને આ કેસની તપાસ સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# RNSBની ૭૩મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન




## એક જ વર્ષમાં બિઝનેસમાં ૧૨૪૦ કરોડનો ઐતિહાસિક વધારો

રાજકોટ, તા.૨૯

રાજકોટ નાગરિક સહકારી બેંક લિમિટેડની ૭૩મી વાર્ષિક સાધારણ સભા બેંકની હેડ ઓફિસ 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય' ખાતે વિશાળ સંખ્યામાં ડેલિગેટ્સની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે બેંકના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત જ એક વર્ષમાં બિઝનેસમાં રૂ. ૧,૨૪૦ કરોડનો વધારો થયો છે જે એક ઐતિહાસિક સિદ્ધિ છે. તેમણે ઉમેર્યું હતું કે ૧૮ ટકા ડિવિડન્ડ મંજૂર કરવામાં આવ્યું છે અને ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના આંકડાઓ મુજબ બેંકનું બિઝનેસ મિક્સ રૂ. ૧૨,૩૮૭ કરોડ પર પહોંચ્યું છે, જેમાં રૂ. ૭,૨૧૧ કરોડની ડિપોઝીટ અને રૂ. ૫,૧૭૬ કરોડનું ધિરાણ છે. બેંકે અત્યાર સુધીમાં રૂ. ૭૩ કરોડનો નફો નોંધાવ્યો છે અને વર્ષના અંતે તે રૂ. ૧૫૦ કરોડ સુધી પહોંચવાની આશા છે. આ ઉપરાંત તેમણે બેંક દ્વારા થતા સામાજિક ઉત્તરદાયિત્ત્વના કાર્યોની પણ રૂપરેખા આપી હતી, જેમાં અર્હમ સેવા ગ્રુપ દ્વારા રિક્ષા માટે ત્વરિત લોન, સભાસદો માટે લેબોરેટરી નિદાનમાં રૂ. ૮૮ લાખથી વધુની આર્થિક સહાય, અકસ્માત વીમા અંતર્ગત પરિવારજનોને સહાય અને બાળકો માટેના નિઃશુલ્ક ક્રિકેટ કેમ્પનો સમાવેશ થાય છે.

બેંકના સીઈઓ અને જનરલ મેનેજર વિનોદ શર્માએ આર્થિક પ્રગતિનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના આંકડાકીય માહિતી મુજબ બેંકનું કુલ સ્વભંડોળ રૂ. ૧,૦૬૧.૫૪ કરોડ છે અને ઓપરેટીંગ નફો રૂ. ૧૧૫.૯૯ કરોડ નોંધાયો છે. તેમણે માહિતી આપી હતી કે રિઝર્વ બેંકના ૧૨ ટકાના નિયમ સામે બેંકનો સીઆરએઆર ૧૭.૭૨ ટકાની ખૂબ જ સારી સ્થિતિમાં છે અને સતત છ વર્ષથી બેંકની નેટ એનપીએ ઝીરો રહી છે. નાના ધિરાણો ઓછામાં ઓછા ૫૦ ટકા હોવા જોઈએ, જેના બદલે બેંકના નાના ધિરાણ ૮૬ ટકા છે જે બેંક માટે અત્યંત આવકારદાયક બાબત છે. બેંકના કુલ સભાસદોની સંખ્યા ૩,૬૧,૭૬૭ છે અને સીડી રેશિયો ૬૭ ટકા છે. આ સાથે જ યુપીઆઇ વ્યવહારોમાં પણ ગત વર્ષ કરતાં ૨૭.૭૯ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

આ સાધારણ સભામાં અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત સંઘચાલક મુકેશભાઈ મલકાણ અને રાજકોટના સંસદસભ્ય પુરષોત્તમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે બેંકના વાઇસ ચેરમેન જીવણભાઈ પટેલ, ડિરેક્ટરગણ તથા વિશાળ સંખ્યામાં બેંકના ડેલિગેટ્સ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સરળ અને સફળ સંચાલન રજનીકાંત રાયચુરાએ કર્યું હતું, જ્યારે અંતમાં આભાર દર્શન સીએ. ચંદ્રેશભાઈ ધોળકિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં લાંબા સમયથી વીજ બિલ ન ભરીને નિશ્ચિંત બેસેલા ડિફોલ્ટરો સામે

# PGVCLની વીજ ધડાકા સર્જિકલ સ્ટ્રાઈક

### સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૦૭ કરોડ વસૂલવા મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ : ૫,૦૦૦થી વધુના બાકીદારો સાવધાન

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર અને કચ્છમાં લાંબા સમયથી વીજ બિલ ન ભરીને નિશ્ચિંત બેસેલા ડિફોલ્ટરો સામે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. કંપની દ્વારા બાકીદારો સામે તવાઈ સ્વરૂપે આજે ૨૯ સપ્ટેમ્બરથી સમગ્ર પ્રદેશમાં એકસાથે 'મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ'નો પ્રારંભ કરી દેવાયો છે. અગાઉ વારંવાર નોટિસો અને અલ્ટીમેટમ આપવા છતાં પણ જેમણે બાકી રકમ જમા કરાવી નથી, તેમની સામે હવે કોઈ પણ જાતની રહેમરાહ રાખ્યા વગર સ્થળ પર જ વીજ જોડાણો કાપી નાખવાની આંકડી કાર્યવાહી હાથ ધરાઈ છે.

PGVCLના સત્તાવાર ચોપડે ઉપલબ્ધ આંકડા અનુસાર, સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કુલ ૪,૩૨,૮૫૬ ગ્રાહકો ડિફોલ્ટર જાહેર થયા છે, જેમના તરફથી કંપનીને રૂ. ૨૦૭ કરોડથી પણ વધુની રકમ વસૂલવાની બાકી નીકળે છે. આટલી મસમોટી રકમ અટવાયેલી હોવાથી કંપનીના ઉચ્ચ અધિકારીઓએ આખરે કડક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત મુખ્યત્વે એવા ગ્રાહકોને લક્ષ્યાંક બનાવવામાં આવ્યા છે, જેમનું છેલ્લા ૨ માસ કે તેથી વધુ સમયથી રૂ. ૫,૦૦૦ થી રૂ. ૭,૦૦૦ સુધીનું વીજ બિલ ભરવાનું બાકી છે.

રાજકોટ શહેરમાં આ ઝુંબેશની અસર પ્રથમ દિવસે જ વ્યાપકપણે જોવા મળી હતી. રાજકોટ સિટી સર્કલ વિભાગના આંકડા દર્શાવે છે કે શહેરમાં જ ૧,૮૦,૮૮૨ ગ્રાહકો પાસેથી રૂ. ૩૬.૫૬ કરોડની વસૂલાત કરવાની બાકી છે. આ વિરાટ લક્ષ્યાંકને પહોંચી વળવા માટે રાજકોટ શહેરના તમામ ૨૨ સબ-ડિવિઝનમાં વીજ




કનેક્શન કાપવા માટેની વિશેષ સ્ક્વોડ અને ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. આજે ડ્રાઈવના પહેલા જ દિવસે રૈયા રોડ અને જામ ટાવર સહિતના મુખ્ય વિસ્તારોમાં PGVCLની ટીમો ત્રાટકી હતી અને વીજ બિલ ન ભરનારાઓના કનેક્શન ધાડાધડ કાપી નાખ્યા હતા. માત્ર જામ ટાવર સબ-ડિવિઝન હેઠળના વિસ્તારોમાં રૂ. ૨ લાખથી વધુના બિલ બાકી હોય તેવા આશરે ૨૦૦ જેટલા વીજ જોડાણો એક જ દિવસમાં કાપી નાખવામાં આવ્યા હતા.

PGVCLની આ સપાટાબંધ કાર્યવાહીને કારણે રૈયા રોડ સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનિક ગ્રાહકો અને રહીશોમાં આંતરિક રોષ અને અસંતોષનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યવાહી આજે પૂરતી સીમિત નથી, પરંતુ આગામી દિવસોમાં પણ તબક્કાવાર રીતે ચાલુ રાખવામાં આવશે અને તેની નવી તારીખો ટૂંક સમયમાં જાહેર કરાશે.

વધુમાં, PGVCL દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના તમામ ૨૯૨ સબ-ડિવિઝનમાં મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ અંગે હાઈ-એલર્ટ જાહેર કરી દેવાયું છે. તા. ૩૦મી સપ્ટેમ્બરથી મોટી સંખ્યામાં વધારાની ટીમો મેદાનમાં ઉતારીને કનેક્શન કાપવાની કાર્યવાહી વધુ ઝડપી બનાવાશે. તંત્રે સ્પષ્ટ ચેતવણી આપી છે કે કનેક્શન કાપતી વખતે સ્થળ પર કોઈ પણ પ્રકારની પેનલ્ટી કે રોકડ સ્વીકારવામાં આવશે નહીં. એકવાર કનેક્શન કપાઈ ગયા પછી ગ્રાહકે પૂરેપૂરી બાકી રકમ ભરવાની રહેશે અને તે પછી જ નિયમ મુજબનો વધારાનો 'રી-કનેક્શન ચાર્જ' ચૂકવ્યા બાદ જ વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવશે.

### મોરબીથી રાજકોટ આવેલી ગાડી ગોડાઉન બંધ હોવાથી પાર્ક કરાઈ હતી
### રાતભરમાં અજાણ્યા તસ્કરોએ ૨૬૦ કિલો તાંબાના ભંગાર પર હાથફેરો કર્યો

# લોડિંગ વાહનમાંથી ૩.૫૧ લાખના કોપર સ્ક્રેપની ચોરી



રાજકોટ, તા.૨૯

રાજકોટમાં વાહનચોરી ઉપરાંત હવે પાર્ક કરેલા વાહનોમાંથી કિંમતી સામાનની ચોરીની ઘટનાઓ પણ સામે આવી રહી છે. રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર પાર્ક કરાયેલા એક અશોક લેલેન્ડ બડા દોસ્ત વાહનમાંથી રૂપિયા ૩,૫૧,૦૦૦ ની કિંમતના અંદાજિત ૨૬૦ કિલોગ્રામ લુઝ કોપર સ્ક્રેપ (તાંબાના ભંગાર) ની ચોરી થઈ હોવાની ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા અને હિમાલય સોસાયટીમાં રહેતા નિકુલભાઈ ખોડાભાઈ જેઠાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની માલિકીની અશોક લેલેન્ડ બડા દોસ્ત ગાડી (GJ-03-BZ-૮૦૬૭) ના ડ્રાઈવર અસલમ સંધિએ તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મોરબીના રફાળેશ્વર ખાતે આવેલ અમરીશભાઈના ગોડાઉનથી સાંજે સાતેક વાગ્યે લુઝ કોપર સ્ક્રેપ ભર્યો હતો. આ માલ રાજકોટમાં પટેલ નગર ખાતે આવેલ ગોડાઉનમાં ખાલી કરવાનો હતો.

ડ્રાઈવર અસલમ જ્યારે રાત્રે સવા નવેક વાગ્યે રાજકોટ પહોંચ્યો ત્યારે ગોડાઉન બંધ હોવાથી તેણે માલિક નિકુલભાઈને જાણ કરી હતી. નિકુલભાઈએ તેને ગાડી લઈને પોતાના ઘર પાસે આવવા કહ્યું હતું અને ત્યારબાદ રાત્રે સાડા નવેક વાગ્યાની આસપાસ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા સર્કલ પાસે, ક્રિસ્ટલ કોર્નર બિલ્ડીંગની પાછળ આવેલ પ્લોટમાં માલ ભરેલી ગાડી પાર્ક કરાવી હતી.

બીજા દિવસે, એટલે કે ૨૩ સપ્ટેમ્બરના રોજ સવારે અગિયારેક વાગ્યે જ્યારે નિકુલભાઈએ ગાડી તપાસી તો તેમાંથી ૨૬૦ કિલો જેટલો કોપર સ્ક્રેપ ગાયબ હતો. પ્રતિ કિલો રૂપિયા ૧૩૫૦ લેખે આશરે રૂપિયા ૩,૫૧,૦૦૦ ની કિંમતનો માલ અજાણ્યા શખ્સો ચોરી ગયા હોવાનું માલૂમ પડતા નિકુલભાઈએ પોતાના ડ્રાઈવર અને ગોડાઉન માલિકને જાણ કરી હતી. અંતે, નિકુલભાઈ અને તેમના ભાઈએ તાલુકા પોલીસ મથકે પહોંચીને અજાણ્યા ચોર વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવી છે. હાલ એએસઆઈ કૃપાલસિંહ ઝાલાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 'સેન્ડલ વેલનેસ સેન્ટર સ્પા'માંથી કૂટણખાનું ઝડપાયું : ૪ યુવતી મુક્ત

### ઢેબર રોડ પર બસ સ્ટેશન ઉપર ચાલતા ગોરખધંધાનો પર્દાફાશ; સંચાલિકા ઝડપાઈ જ્યારે અન્ય એક ફરાર

રાજકોટ, તા. ૨૯

રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઢેબર રોડ પર આવેલા બસ સ્ટેશનની ઉપર ત્રીજા માળે દુકાન નં. ૫૮, ૫૯ માં ચાલતા સેન્ડલ વેલનેસ સેન્ટર સ્પા માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (અંઇઝઅ) ની ટીમે દરોડો પાડી દેહવ્યાપારના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. સ્પાની આડમાં ચાલતા આ ગોરખધંધામાં સંડોવાયેલી ૪ યુવતીઓને પોલીસે મુક્ત કરાવી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓની દેહવ્યાપારના કેસો શોધી કાઢવાની સૂચના અન્વયે એ.એચ.ટી.યુ. ની ટીમને આ સ્પા વિશે બાતમી મળી હતી. પોલીસે ડમી ગ્રાહક અને બે પંચો મોકલીને આ હકીકતની ખરાઈ કરી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, સંચાલકો દ્વારા સ્પામાં યુવતીઓને રાખી મસાજના નામે બહારથી ગ્રાહકોને બોલાવવામાં આવતા હતા અને દેહવ્યાપારનો ધંધો કરાવવામાં આવતો હતો. ગ્રાહકો પાસેથી સ્પામાં એન્ટ્રી ફી તરીકે રૂ. ૧૦૦૦ રોકડા લેવામાં આવતા હતા અને ત્યારબાદ શરીર સંબંધ બાંધવા માટે એક્સ્ટ્રા સર્વિસના નામે અલગથી ગ્રાહક દીઠ રૂ. ૨૦૦૦ વસૂલવામાં આવતા હતા. આમ સંચાલકો પોતાના આર્થિક લાભ માટે આ યુવતીઓ પાસે કૂટણખાનું ચલાવતા હતા.










આ દરોડા દરમિયાન પોલીસે સ્પામાંથી રોકડા રૂ. ૨૫,૮૦૦ અને રૂ. ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩૦,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કેસમાં પોલીસે નસીમબેન કાસમભાઇ કાદરી (રહે. ૧૦૧, સમન્વય હાઇટ્સ, અયોધ્યા સોસાયટી પાસે, ભગવતીપરા, રાજકોટ) ની અટકાયત કરી છે, જ્યારે અન્ય આરોપી કાસમભાઇ કમાલુદીન કાદરી હાજર ન મળતા તેની શોધખોળ ચાલુ છે. આ બંને આરોપીઓ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે 'ધી ઈમોરલ ટ્રાફિકીંગ પ્રિવેન્સ એક્ટ - ૧૯૫૬' ની કલમ ૩, ૪ અને ૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કામગીરી એ.એચ.ટી.યુ. ના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. પઢિયાર, પી.એસ. આઈ. એસ.પી. ચૌહાણ, એ.એસ.આઇ. અજયકુમાર શુક્લા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સલીમભાઇ મકરાણી તથા અન્ય પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## શહેરીજનોના આરોગ્યની જાળવણી અને ખાદ્ય પદાર્થોમાં થતી અમાનવીય ભેળસેળ તથા અસ્વચ્છતા સામે લાલ આંખ

# દૂષિત-વાસી ખોરાક સામે RMCનો સપાટો

### 'દેવ ફાસ્ટ ફૂડ' સીલ, ૧૪૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ અને ૧૪,૦૦૦ નો દંડ

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરીજનોના આરોગ્યની જાળવણી અને ખાદ્ય પદાર્થોમાં થતી અમાનવીય ભેળસેળ તથા અસ્વચ્છતા સામે લાલ આંખ કરીને એક વ્યાપક અને કડક સર્વેલન્સ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ખાણી-પીણીની દુકાનો, રેસ્ટોરન્ટ્સ, ડેરી ફાર્મ, સુપર સ્ટોર્સ તેમજ શૈક્ષણિક સંસ્થાઓની હોસ્ટેલો સહિત કુલ મળીને ૩૮ જેટલી પેઢીઓમાં અચાનક દરોડા પાડીને ચકાસણી કરવામાં આવી હતી. આ સઘન કામગીરી દરમિયાન આરોગ્ય માટે અત્યંત હાનિકારક અને ગંભીર રોગચાળો નોતરી શકે તેવા કુલ ૧૪૭ કિલોગ્રામ અખાદ્ય તથા વાસી ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનારી ૦૪ પેઢીઓને હાઈજેનિક કન્ડિશન, સ્ટોરેજ અને લાયસન્સ બાબતે કડક નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે રૂ. ૧૪,૦૦૦/- નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન ગંભીર બેદરકારી દાખવનાર ૦૧ જાણીતી ફાસ્ટ ફૂડ પેઢીને સ્થળ પર જ સીલ કરી દેવામાં આવી છે તથા રતતફશ એક્ટ હેઠળ ગુણવત્તા ચકાસણી અર્થે ૦૩ શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂના લઈને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં રવાના કરવામાં આવ્યા છે.

આ દરોડા દરમિયાન સૌથી ચોંકાવનારો અને ગંભીર કિસ્સો નિર્મળા રોડ પર ICICI બેન્ક સામે આવેલ ''દેવ ફાસ્ટ ફૂડ'' માં સામે આવ્યો હતો. અહીં ફૂડ વિભાગની ટીમે તપાસ હાથ ધરતાં સ્થળ પર ફ્રીઝ, સંગ્રહ વિસ્તાર તેમજ રસોઈ બનાવવાના પ્રિપેરેશન એરિયામાં અત્યંત વાસ મારતી અને અસ્વચ્છ સ્થિતિ જોવા મળી હતી. એટલું જ નહીં, જે વિસ્તારમાં ગ્રાહકો માટે ખોરાક તૈયાર કરવામાં આવતો હતો અને ફ્રીઝમાં સામગ્રી રાખવામાં આવતી હતી ત્યાં વંદા, જીવાત અને ઉંદરોનો મોટો ઉપદ્રવ જોવા મળ્યો હતો. આવી અમાનવીય અને ગંદી પરિસ્થિતિમાં લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતા જોઈને અધિકારીઓએ સ્થળ પર જ સડેલી ડુંગળી ૪૦ કિલો, વાસી ગ્રેવી, પ્રિપેર્ડ મસાલો, ચટણી અને બાફેલા શાકભાજીનો ૪૫ કિલો જથ્થો, રાઈસ, નૂડલ્સ, મંચૂરિયન અને કાપેલા શાકભાજીનો ૩૪ કિલો જથ્થો તથા પડતર સોસ અને લોટનો ૧૩ કિલો જથ્થો મળીને કુલ ૧૩૨ કિલોગ્રામ જેટલો અખાદ્ય ખોરાક જપ્ત કર્યો હતો. આ તમામ દૂષિત જથ્થાનો SWM (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) ની ગાડી બોલાવીને સ્થળ પર જ નાશ કરાવાયો હતો. ગંભીર બેદરકારી બદલ દેવ ફાસ્ટ ફૂડને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી હતી, રૂ. ૧૦,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો અને યોગ્ય સ્ટોરેજ તથા પેસ્ટ કંટ્રોલ કરાવવા અંગે નોટિસ આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગ દ્વારા ભાવનગર રોડ પર આવેલી શ્રી ગુર્જર પ્રજાપતિ હોસ્ટેલ, ITI રાજકોટ હોસ્ટેલ, બી.કે. મોદી ફાર્મસી કોલેજ હોસ્ટેલ અને સરકારી પોલીટેકનીકલ કોલેજ હોસ્ટેલના રસોડામાં પણ વિસ્તૃત ચકાસણી કરવામાં આવી હતી. આ સહિતની વિવિધ ૩૮ પેઢીઓમાં કડક ચેકિંગ હાથ ધરાયું હતું. RMC આરોગ્ય શાખાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરનારા વેપારીઓ સામે આગામી દિવસોમાં પણ આવી દંડનાત્મક અને સીલિંગ સહિતની કડક ઝુંબેશ અવિરતપણે ચાલુ રહેશે.



# ખુદ લીંબુને નજર લાગી!

## સંગ્રહખોરોના પ્રતિ વર્ષ ખેલ સિસ્ટમ બદલવી અનિવાર્ય



શાકભાજી માર્કેટમાં અચાનક મોંઘવારીનો મારો ચાલુ થયો છે. લીંબુના ભાવ પ્રતિ કિલો રૂ. ૪૦૦ ની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા છે. સામાન્ય નાગરિકો અને ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આ કિંમતો જોઈને સમગ્ર માર્કેટમાં ભારે આશ્ચર્ય અને રોષ જોવા મળી રહ્યો છે.

લીંબુ અને મરચાંનો ઉપયોગ ભારતીય સંસ્કૃતિમાં તંત્ર શાસ્ત્રમાં વિપુલ પ્રમાણમાં થાય છે. લોકો ઘર કે દુકાનને ખરાબ નજરથી બચાવવા માટે નજર ઉતારવાના પ્રયોગો કરે છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે ખુદ લીંબુને જ કોઈની નજર લાગી ગઈ છે. કિલોના રૂ. ૪૦૦ પહોંચેલા ભાવ સામાન્ય માણસની પહોંચ બહાર નીકળી ગયા છે.

આ અચાનક આવેલા તીવ્ર ઉછાળા પાછળ માંગ અને પુરવઠાનો સાચો નિયમ કામ કરતો નથી. આ પરિસ્થિતિ પાછળ આર્થિક માર્કેટના તાંત્રિકો અને સંગ્રહખોરોનો ખેલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. દર વર્ષે લીંબુ કે ડુંગળી જેવી આવશ્યક વસ્તુઓને નિશાન બનાવવામાં આવે છે. કૃત્રિમ અછત ઊભી કરીને કિંમતોમાં અચાનક તીવ્ર વધારો કરવામાં આવે છે. આ સંગ્રહખોરો સામાન્ય જનતાની મજબૂરીનો સીધો ગેરલાભ ઉઠાવે છે.

વેપારીઓ અને દલાલોની આ સિન્ડિકેટ દર વર્ષે ગ્રાહકોને લૂંટવાનો ધંધો કરે છે. જો તંત્ર દ્વારા આ બાબતે તટસ્થ અને આકરી તપાસ કરવામાં આવે તો મોટો ભાંડાફોડ થઈ શકે તેમ છે. માત્ર તપાસ જ નહીં પરંતુ આવી કાળોબજારી રોકવા માટે મજબૂત કાયદાકીય કડકાઈ જરૂરી છે.

માર્કેટની વર્તમાન નબળી સિસ્ટમ બદલવી હવે અનિવાર્ય બની ગઈ છે. સરકારે સંગ્રહખોરી પર નિયંત્રણ મેળવવા માટે વચેટિયાઓની મધ્યસ્થી ઘટાડવી પડશે. ખેડૂતોને યોગ્ય ભાવ મળે અને ગ્રાહકોને વ્યાજબી દરે વસ્તુઓ મળે તેવી પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. જો સિસ્ટમમાં તાત્કાલિક સુધારો કરવામાં નહીં આવે તો દર વર્ષે સામાન્ય જનતાએ આ રીતે જ મોંઘવારીનો માર સહન કરવો પડશે. તંત્ર શાસ્ત્રના પ્રયોગો તો ચાલતા રહેશે, પણ માર્કેટના આ આર્થિક તાંત્રિકો પર લગામ કસવી અત્યંત જરૂરી છે.

# જ્ઞાનેશ કુમારે જવું જોઈએ : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ CWCની બેઠકમાં કહ્યું, પીએમ પોતે રાજીનામું અપાવશે

નવીદિલ્હી, તા. ૨૯

મંગળવારે દિલ્હીના ઇન્દિરા ભવન ખાતે કોંગ્રેસ કાર્યકારી સમિતિની એક મોટી બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં આ બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, કેસી વેણુગોપાલ અને જયરામ રમેશ સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિવાદ અંગે ત્રણ ઠરાવ રજૂ કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, CWC બેઠક દરમિયાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, ''CEC જ્ઞાનેશ કુમારે જવું જોઈએ; તેમણે રાજીનામું આપવું જોઈએ. વડાપ્રધાન પોતે રાજીનામું આપવા દબાણ કરશે.'' ખડગેએ કેન્દ્ર સરકાર પર મજબૂત લોકશાહી પાયાને વ્યવસ્થિત રીતે નબળો પાડવાનો આરોપ પણ લગાવ્યો અને મુખ્ય ચૂંટણી કમિશનરને સરકારની કઠપૂતળી ગણાવ્યા. CWC બેઠક દરમિયાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, ''CEC જ્ઞાનેશ કુમારે જવું જોઈએ; તેમણે




રાજીનામું આપવું જોઈએ. વડાપ્રધાન પોતે રાજીનામું આપવા દબાણ કરશે.''

સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ મતદાર યાદીમાં કથિત અનિયમિતતાના મુદ્દા પર પણ ચર્ચા કરી. તેમણે કહ્યું કે જ્યારે લોકો પહેલા ''ચોરી'' મુદ્દા પર માત્ર ૨૦% માનતા હતા, ત્યારે હવે દેશના ૮૦% લોકો માને છે કે ચોરી થઈ રહી છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદી અંગે કોંગ્રેસના આરોપોના સંદર્ભમાં આ નિવેદન આપ્યું હતું. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ CWCમાં કોંગ્રેસની પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી. તેમણે માંગ કરી કે મતદાર યાદીમાં મોટા ફેરફારો અંગે સંપૂર્ણ ડેટા જાહેર કરવામાં આવે. તેમણે જે મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે તેમને જાણ કરવા અને અપીલ કરવાની તક આપવા હાકલ કરી. તેમણે રાજકીય પક્ષોને સરળ ફોર્મેટમાં મતદાર યાદીઓ અને સંબંધિત ડેટા સમયસર ઉપલબ્ધ કરાવવા, ગંભીર ગેરરીતિઓની સ્વતંત્ર અને સમયસર તપાસ અને ચૂંટણી પ્રક્રિયા સંબંધિત મુખ્ય ડેટા અને નિર્ણયોમાં પારદર્શિતાની પણ માંગ કરી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ બેઠકમાં જણાવ્યું હતું કે બધા નેતાઓએ આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જોઈએ અને SIR મુદ્દાને જોશથી લડવો જોઈએ. તેમણે કહ્યું કે પાર્ટીના નેતાઓએ આ મુદ્દો ઉઠાવવા માટે વિશ્વાસપૂર્વક જનતા સુધી પહોંચવું જોઈએ. રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર પણ ગંભીર આરોપો લગાવ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે કહ્યું કે જ્ઞાનેશ કુમાર વડા પ્રધાનના રક્ષણ વિના કામ કરી શકતા નથી. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે જ્ઞાનેશ કુમાર જે કંઈ પણ કરી રહ્યા છે, તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ તરફથી સમર્થન મળી રહ્યું છે.

# અમેરિકાએ મુખ્ય દવાઓ પર ટેરિફ ઘટાડીને શૂન્ય કર્યો

## ભારત સહિત ૨૦ દેશોમાંથી આયાત કરાયેલી દુર્લભ રોગો માટેની કેટલીક ખાસ દવાઓ પર ટેરિફ નહીં



નવીદિલ્હી, તા. ૨૯

યુએસ ટેરિફ અંગે મહત્વપૂર્ણ સમાચાર છે. યુએસ ભારત સહિત ૨૦ દેશોમાંથી આયાત થતી ચોક્કસ પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને તેના ઘટકો પર એડ વેલોરમ (મૂલ્ય-આધારિત) ટેરિફ લાદશે નહીં. આ દવાઓનો ઉપયોગ દુર્લભ રોગોની સારવાર માટે થાય છે. યુએસ વાણિજ્ય વિભાગ દ્વારા જારી કરાયેલી નોટિસમાં આ માહિતી આપવામાં આવી હતી. યુએસ વાણિજ્ય વિભાગે ફેડરલ રજિસ્ટરમાં એવા દેશોની યાદી બહાર પાડી છે જે આ વિશેષ દવાઓ પર શૂન્ય ટેરિફ મેળવશે. ભારત ઉપરાંત, આ યાદીમાં આર્જેન્ટિના, બાંગ્લાદેશ, કંબોડિયા, ઇક્વાડોર, અલ સાલ્વાડોર, યુરોપિયન યુનિયન, ગ્વાટેમાલા, ઇન્ડોનેશિયા, જાપાન, જોર્ડન, મલેશિયા, ઉત્તર મેસેડોનિયા, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝર્લેન્ડ, લિક્ટેંસ્ટાઇન, તાઇવાન, થાઇલેન્ડ, યુનાઇટેડ કિંગડમ અને વિયેતનામનો સમાવેશ થાય છે.

નોટિસમાં જણાવાયું છે કે આ દેશોના પાત્ર ઉત્પાદનો પર શૂન્ય-ટકા ટેરિફ લાદવામાં આવી શકે છે કારણ કે તેમની પાસે યુએસ સાથે હાલના અથવા ભવિષ્યના વેપાર અને સુરક્ષા માળખા કરાર છે. વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઇઝેશન અનુસાર, ''એડ વેલોરમ'' ટેરિફ એ કરને આધીન માલના નાણાકીય મૂલ્યનો નિશ્ચિત ટકાવારી છે. આ પગલું ત્યારે આવ્યું છે જ્યારે વોશિંગ્ટન ૨૯ સપ્ટેમ્બરથી ચોક્કસ પેટન્ટ કરાયેલી ફાર્માસ્યુટિકલ આયાત અને તેના સંબંધિત ઘટકો પર ૧૦૦% ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલે એક ઘોષણાપત્ર બહાર પાડ્યું હતું, જેનો હેતુ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો હતો. વેપાર વિસ્તરણ કાયદાની કલમ ૨૩૨ હેઠળ, તેમાં પેટન્ટ કરાયેલી દવાઓ, બાયોલોજિક્સ અને તેના સંબંધિત ઘટકો પર ૧૦૦% ટેરિફ લાદવાની જોગવાઈ હતી. આ ટેક્સ ૩૧ જુલાઈથી કેટલીક કંપનીઓ માટે અને ૨૯ સપ્ટેમ્બરથી અન્ય કંપનીઓ માટે લાગુ થઈ ગયો છે. જો કે, ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત નવીનતમ યાદી અનુસાર, ભારત જેવા મુખ્ય ભાગીદાર દેશોમાંથી આયાત કરાયેલા મહત્વપૂર્ણ તબીબી ફોર્મ્યુલેશનને આ ૧૦૦% ટેરિફમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.

યુએસ વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલ સૂચના અનુસાર, શૂન્ય ટકા ટેરિફ દર ગંભીર રોગોની સારવારમાં વપરાતા ઉત્પાદનો, જેમ કે વંધ્યત્વ સારવાર, સેલ થેરાપી, જનીન ઉપચાર, એન્ટિબોડી-ડ્રગ કન્જુગેટ્સ અને પશુચિકિત્સા દવાઓ પર લાગુ થશે. આ વિશેષ દવાઓના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા મુખ્ય ઘટકો પણ આ ટેરિફ મુક્તિમાં શામેલ છે.




# દુનિયા વધુને વધુ મુશ્કેલ બની રહી છે

## ફક્ત મોટા દેશો જ તેની દિશા નક્કી કરે છે', જયશંકરે ન્યૂયોર્કમાં આવું કેમ કહ્યું?

નવીદિલ્હી, તા. ૨૯

યુએન હાઇ-લેવલ વીકના સમાપન પ્રસંગે ન્યુ યોર્કમાં એશિયા સોસાયટીને સંબોધિત કરતા વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું, ''સત્ય એ છે કે આ દુનિયા મુશ્કેલ છે અને દરરોજ વધુ મુશ્કેલ બની રહી છે, અને તે મોટા દેશો છે જે તેની દિશા નક્કી કરી રહ્યા છે.'' એસ. જયશંકરે કહ્યું, ''વૈશ્વિક પરિસ્થિતિ ખૂબ જ ગંભીર લાગે છે કારણ કે હાલમાં બે મોટા સંઘર્ષો ચાલી રહ્યા છે, જેમાંથી દરેક વિશ્વના દરેક દેશને અસર કરી રહ્યા છે. મધ્ય પૂર્વ, અથવા જેને આપણે પશ્ચિમ એશિયા કહીએ છીએ, તે ખૂબ જ મુશ્કેલ રહે છે. આફ્રિકામાં પણ ઘણા સંઘર્ષો ચાલી રહ્યા છે, ખાસ કરીને સુદાનમાં, પણ અન્યત્ર પણ.

વિશ્વનો એક મોટો ભાગ મહાસભામાં મારા ભાષણમાં ''4F કટોકટી'' તરીકે ઓળખાતી ''ખોરાક, બળતણ, ખાતર અને નાણાંની કટોકટી''નો સામનો કરી રહ્યો છે. વધુમાં, પુરવઠા શૃંખલાની નબળાઈઓ વધી રહી છે. SDG લક્ષ્યો પાછળ રહી રહ્યા છે. ટેકનોલોજી અંગે પણ નોંધપાત્ર ચિંતા છે.

ભારતીય-અમેરિકન સમુદાય, ભારતીય ડાયસ્પોરા અને નીતિ નિષ્ણાતોને સંબોધતા, જયશંકરે કહ્યું કે વાટાઘાટોની ''વધુ જટિલ'' જમીની વાસ્તવિકતાઓ દ્વારા વેપાર વાટાઘાટો પ્રભાવિત થઈ રહી છે. અર્થતંત્ર પર અસર પડી છે. ભૂતપૂર્વ યુએસ રાજદ્વારી ડેનિયલ રસેલ સાથેની વાતચીત દરમિયાન, તેમણે કહ્યું, આજે આપણે એવી પરિસ્થિતિમાં પહોંચી ગયા છીએ જ્યાં વેપાર સોદા પર વધુ કે ઓછા પ્રમાણમાં સર્વસંમતિ છે. જયશંકરે કહ્યું કે ભારતનું આર્થિક માળખું, જેમાં મોટી સંખ્યામાં નાના ઉત્પાદકો, કૃષિ ઉત્પાદકો અને ફેક્ટરીઓનો સમાવેશ થાય છે, તે અમેરિકા કરતા ઘણું અલગ છે. તેમણે કહ્યું, વેપાર વાટાઘાટો પૂર્ણ કરવા માટે ઘણી ધીરજ અને વિગતવાર ધ્યાન આપવાની જરૂર છે. તેમાં સામેલ જટિલતાઓએ ઝડપી પ્રગતિની અપેક્ષાઓનું પણ પરીક્ષણ કર્યું છે. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે ન્યૂ યોર્કમાં એશિયા સોસાયટીને સંબોધન કર્યું. તેમણે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને મુશ્કેલ ગણાવી. તેમણે કહ્યું, આ સ્થિતિમાં, મોટા દેશો દિશા નક્કી કરી રહ્યા છે.

# US વિઝા માટે રાહ જોતા ભારતીયો

## મુખ્ય સમસ્યાઓ ઇન્ટરવ્યૂ માટે ૩૪૬ દિવસની લાંબી રાહ જોવી અને વધતો ખર્ચ લોકો માટે ચિંતાનો વિષય




નવીદિલ્હી, તા. ૨૯

યુએસ વિઝા માટે અરજી કરનારા ભારતીયો બે મુખ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે. પ્રથમ, તેમને ઇન્ટરવ્યૂની તારીખ મેળવવા માટે ખૂબ લાંબી રાહ જોવી પડે છે. બીજું, વિઝા મેળવવાનો ખર્ચ પણ વધ્યો છે. યુએસ સરકારી ઓડિટ એજન્સી, ઋઅઘ એ અહેવાલ આપ્યો છે કે ૨૦૨૫ માં, ભારતીયોને નોન-ઇમિગ્રન્ટ વિઝા ઇન્ટરવ્યૂ માટે સરેરાશ ૩૪૬ દિવસ રાહ જોવી પડતી હતી. કોવિડ પહેલા, આ રાહ ફક્ત ૪૨ દિવસ હતી. આનો અર્થ એ છે કે રાહ હવે લગભગ આઠ ગણી વધી ગઈ છે. ૨૮ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થયેલા અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૫ માં, ભારતમાંથી ૧.૪૫ મિલિયન અરજીઓ મળી હતી, પરંતુ તેમને સંભાળવા માટે ફક્ત ૬૮ અધિકારીઓ હતા. આનો અર્થ એ છે કે દરેક અધિકારી પર આશરે ૨૧,૪૦૧ અરજીઓનો બોજ હતો.

GAO એ શોધી કાઢ્યું કે યુએસ કોન્સ્યુલર સિસ્ટમ માંગને પહોંચી વળવા માટે સ્ટાફ જાળવવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. સમગ્ર યુએસમાં, નિર્ણય લેવાયેલી વિઝિટર વિઝા અરજીઓની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૧૯ માં ૯.૨ મિલિયનથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૧૧.૭ મિલિયન થઈ ગઈ છે, જે રોગચાળા પહેલાના સ્તરો કરતાં વધી ગઈ છે. દરમિયાન, નવી ભરતી અને એટ્રિશનના અભાવે, નોન-ઇમિગ્રન્ટ વિઝા પ્રોસેસ કરનારા કોન્સ્યુલર અધિકારીઓની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૪ માં ૧,૩૪૨ થી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૯૦૪ થઈ ગઈ.

પરિણામે, સમગ્ર યુએસમાં વિઝિટર વિઝા ઇન્ટરવ્યુ માટે સરેરાશ રાહ જોવાનો સમય નાણાકીય વર્ષ ૨૦૧૯ માં ૨૬ દિવસથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૨૦૧ દિવસ થયો. ભારત ખાસ કરીને તેની મોટી સંખ્યામાં અરજીઓ અને સ્ટાફિંગની અછતને કારણે પ્રભાવિત થયું હતું. GAO એ અવલોકન કર્યું કે ચીન અને બ્રાઝિલ કરતાં ભારત અને મેક્સિકોમાં ઇન્ટરવ્યુનો રાહ જોવાનો સમય લાંબો હતો, માંગની તુલનામાં સ્ટાફિંગનો અભાવ મુખ્ય કારણ તરીકે દર્શાવ્યો. ૨૦૨૬ માં પરિસ્થિતિ મુશ્કેલ રહે છે, ખાસ કરીને પ્રવાસી અને વ્યવસાયિક વિઝા મેળવવા માંગતા ભારતીયો માટે. ભારતીયોને યુએસ વિઝા માટે અરજી કરવામાં નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઇન્ટરવ્યુ માટે ૩૪૬ દિવસ સુધીનો લાંબો રાહ જોવાનો સમય અને વધતા ખર્ચ મુખ્ય પડકારો છે.

અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૫ માં, ભારતના આશરે ૧,૪૫૫,૨૫૫ લોકોએ નોન-ઇમિગ્રન્ટ વિઝા માટે અરજી કરી હતી. દેશભરમાં ફક્ત ૬૮ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ કોન્સ્યુલર અધિકારીઓ કામ કરી રહ્યા હતા, જેના પરિણામે પ્રતિ અધિકારી સરેરાશ ૨૧,૪૦૧ અરજીઓ આવી હતી. આ આંકડા વિવિધ પ્રકારના કામચલાઉ વિઝા દર્શાવે છે, જ્યારે ૩૪૬ દિવસની રાહ ફક્ત વિઝિટર વિઝા ઇન્ટરવ્યુ માટે છે. ભારતની સ્થિતિ અન્ય મુખ્ય દેશો કરતાં નોંધપાત્ર રીતે ખરાબ છે. વિઝિટર વિઝા ઇન્ટરવ્યુ માટે સરેરાશ રાહ જોવાનો સમય ચીનમાં ૩૪ દિવસ અને બ્રાઝિલમાં ૩૨ દિવસ હતો. મેક્સિકો, જ્યાં પ્રતિ અધિકારી સમાન સંખ્યામાં અરજીઓ હતી, તેણે ૨૮૩ દિવસ રાહ જોઈ. સૌથી લાંબો રાહ જોવાનો સમય ધરાવતા ૧૦ દેશોની યાદીમાં ભારત સાતમા ક્રમે હતું.

નવી દિલ્હી ઉપરાંત, ઓડિટ ટીમે મેક્સિકો સિટી, બેઇજિંગ અને સાઓ પાઉલોની પણ મુલાકાત લીધી. ભારત અને મેક્સિકોમાં યુએસ અધિકારીઓએ અહેવાલ આપ્યો કે રોગચાળા પછી માંગમાં નોંધપાત્ર વધારો થયો છે, અને અધિકારીઓની અછત બેકલોગને સાફ કરવાથી રોકી રહી છે. ચારેય દેશોના અધિકારીઓએ સ્વીકાર્યું કે માંગની તુલનામાં સ્ટાફનો અભાવ વિલંબનું મુખ્ય કારણ હતું.

પાંચ જુદી જુદી ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા : બાળકથી માંડી આધેડના મૃત્યુ

# મોબાઈલની બબાલમાં પત્નિએ જીવ દીધો

## કેન્સરથી કંટાળેલા વૃધ્ધે ઝેર પી દુનિયા છોડીઃ એક યુવાન અગાસીની પાળીએથી પડ્યો અને પરલોક પહોંચ્યો : ચોથા બનાવમાં વાહન અકસ્માતની ઘાત આધેડને નડી ગઇઃ એક વર્ષના બાળકને તાવ ભરખી ગયોઃ છઠ્ઠી ઘટનામાં યુવતિ પહેલા માળેથી પડી જતાં હાલત ગંભીર

રાજકોટ તા. ૨૯

અપમૃત્યુની પાંચ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. એક પરિણીતાને મોબાઇલ ફોન બાબતે પતિ સાથે બબાલ થતાં તેણે ગળાફાસો ખાઇ જીવ આપી દીધો હતો. એક બનાવમાં કેન્સરથી કંટાળી ગયેલા વૃધ્ધે બગીચામાં જઇ ઝેર પી દુનિયા તરછોડી દીધી હતી. ત્રીજી ઘટનામાં એક યુવાન અગાસીની પાળીએથી પડી જતાં મોત થયું હતું. ચોથા બનાવમાં યુવાનને અકસ્માતની ઘાત નડી ગઇ હતી. પાંચમા બનાવમાં માસુમ એક વર્ષના બાળકનું તાવથી મોત થયું હતું. એક કિસ્સામાં યુવતિ અગાસીએથી પટકાતાં ગંભીર હાલતમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ પર વાવડી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રહેતાં મુળ બિહારના યુવાનની પત્નિએ ઘરે ગળાફાસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બે દિવસ પહેલા પતિએ તેણીને ફોન પર વાત કરવા બાબતે ઠપકો આપતાં માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. વાવડી ગામ પટેલ ચોક વાવડી ઇન્ડસ્ટ્રીયઅલ એરીયામાં રહેતી ત્રેવીસ વર્ષની ફુલકુમારી સીરપુજન રાય નામની પરિણીતાએ ગત સાંજે ઘરે સાડીથી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. વધુ માહિતી અનુસાર આપઘાત કરનાર ફુલકુમારીના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરો અને એકે દિકરી છે. મુળ બિહારનો વતની તેનો પતિ સીરપુજન ફેક્ટરીમાં કામ કરે છે. તેણે કહ્યું હતું કે પત્નિ બે દિવસ પહેલા ફોનમાં લાંબી વાત કરતી હોઇ આ બાબતે તેણે ફોનમાં કોણ છે? પુછી ઠપકો આપ્યો હોઇ તેના કારણે બોલાચાલી થઇ હતી. કદાચ આ કારણે માઠુ લાગતાં પગલુ ભર્યુ હોઇ શકે છે. પોલીસે તપાસ યથાવત રાખી છે.

બીજી ઘટના જોઇએ તો એક વૃધ્ધે કેન્સરથી કંટાળી જઇ ઘર નજીક બગીચામાં જઇ ઝેર પી લેતાં મોત થયું છે. ઘનશ્યામનગરમાં રહેતાં વૃધ્ધે પીડીએમ કોલેજ પાસેના બગીચામાં ઝેર પી લેતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. કોઠારીયા રોડ પર ઘનશ્યામનગર-૧૫માં રહેતાં અનંતભાઇ કાંતિલાલ જોબનપુત્રા નામના ચોસઠ વર્ષના વૃધ્ધે બે દિવસ પહેલો સવારે પીડીએમ કોલેજ નજીક શ્રધ્ધા સોસાયટીના બગીચામાં જઇ ઝેર પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જાણ થતાં પરિવારજનો પણ પહોંચ્યા હતાં.



સારવાર દરમિયાન ગત રાતે તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતાં પીએસઆઇ સી. પી. રાઠોડે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા અનંતભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. તેઓ અગાઉ સિક્યુરીટી ગાર્ડ તરીકે કામ કરતાં હતાં. પણ હાલમાં કેન્સરને કારણે તબીયત સારી રહેતી ન હોઇ નોકરીએ જતાં નહોતાં. દવા સારવાર છતાં ફરક ન પડતાં આ પગલુ ભરી લીધાનું સગાએ કહ્યું હતું.

ત્રીજા બનાવ પર નજર કરીએ તો દૂધ સાગર રોડ પર શિવાજીનગરમાં રહેતો યુવાન પહેલા માળની અગાસીની પાળી પરથી પટકાતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. દૂધ સાગર રોડના શિવાજીનગર શેરી નં. ૬માં રહેતો પચ્ચીસ વર્ષનો સુરેશભાઇ જગદીશભાઇ પરમાર સાંજે ઘરે હતો ત્યારે પહેલા માળની અગાસીની પાળીએ બેઠો હતો તે વખતે કોઇપણ કારણોસર પડી જતાં ગંભીર ઇજા થતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતા થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. આર. સાવલીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સુરેશભાઇ બે ભાઇ અને બે બહેનમાં નાનો અને અપરિણીત હતો. તે સાબુની દુકાનમાં કામ કરતો હતો. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે અકસ્માતે પડી ગયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

ચોથા બનાવમાં અકસ્માતની ઘાત એક વ્યક્તિને નડી ગઇ હતી. બામણબોરમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના દિનેશભાઇ બીજલભાઇ બથવારને વાહન અકસ્માતમાં વાંકોનર નજીક ઇજા થતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બામણબોર રહેતાં દિનેશભાઇ બથવાર તા. બાવીસમીના રોજ વાંકાનેર બાઉન્ડ્રી પાસે હતાં ત્યારે વાહન અકસ્માતમાં ગંભીર ઇજા થતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમાં શાપરના પારડીમાં જખરાપીરની દરગાહ નજીક ગ્લોબલ કારખાના પાસે રહેતાં મુળ યુપીનો એક વર્ષના અમર ઉર્ફે અર્જુન વર્માનો દિકરો અરમાન ઘરે રડતો રડતો બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તે એક બહેનથી નાનો હતો. અમર કંપનીમાં નોકરી કરે છે. શાપર પોલીસે મોતનું કારણ જાણવા જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

છઠ્ઠા બનાવમાં મોરબીના લીલાપરમાં એનટી સ્ટુડીયો પાછળ ધર્મેશભાઇના મકાનમાં રહેતાં મુળ યુપીના નરેશભાઇ પટેલની સત્તર વર્ષની દિકરી ખુશી રાતે સાંજે સાડા આઠેક વાગ્યે પહેલા માળે એકલી હતી ત્યારે નીચે પટકાતાં હાથ-માથા-શરીરે ગંભીર ઇજાઓ થતાં બેભાન થઇ ગઇ હતી. તેને મોરબી હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. તેણી બે ભાઇ અને બે બહેનમાં નાની છે. પિતા નરેશભાઇ ઘર પાસે જ શાકભાજીનો ધંધો કરે છે. તે અને પત્નિ સાનંજે ધંધાના સ્થળે હતાં ત્યારે દિકરી પડી ગઇ હતી. તેણી બેભાન હોઇ તેણે જાતે પડતું મુક્યું કે અકસ્માતે પડી ગઇ તેની વિગતો બહાર આવી નથી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મોરબી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

---

સોશીયલ મીડીયામાં સંપર્ક થતાં પહેલા ચાર વર્ષ સુધી ટ્રેડીંગ શીખ્યું પછી ગઠીયાએ આપેલી વેબલીંકમાં રોકાણ કર્યુંઃ છેલ્લે રકમ વિડ્રો કરવા જતાં એરર આવી ગયું

# કમાઇ લેવાની લ્હાયમાં ચાર કરોડ બાર હજાર સ્વાહા થયા

### શીતલ પાર્ક હીમતનગરમાં રહેતાં એકાઉન્ટન્ટ સાથે નાસિકના શખ્સે ઠગાઇ આચરતાં ડીસીબીમાં ગુનો દાખલ : ચાર વર્ષમાં છ કરોડ પાંત્રીસ લાખ રોક્યાઃ તેમાંથી સવા ચાર પાછા મળ્યાઃ બાકીના નફાના બે કરોડ અને રોકાણના બે કરોડ ખાઇ જવાયા

રાજકોટ, તા.૨૯

શેર બજારમાં રોકાણના નામે અનેક લોકો છેતરાઇ ગયા છે. વધુ એક આવી મોટીઠગાઇ રાજકોટ શહેરમાં સામે આવી હતી. જેમાં દોઢસો ફુટ રીંગ રોડ પર હિસાબનીસ યુવાનને શેરબજારમાં રોકાણ કરાવી મહારાષ્ટ્રના નાસીકના કમિશન એજન્ટ અને તેના મળતીયાઓએ રોકાણના નામે ૬.૩૫ કરોડ લઇ લીધા હતા. જેમાંથી રૂા.૪.૨૩ કરોડ પરત આપી બાકીના રૂા. ૨.૧૨ કરોડ અને નફાના રૂા. ૨ કરોડનો નફો મળી રૂા.૪.૧૨ કરોડની રકમ પરત નહી આપી વિશ્વાસઘાત કર્યાની એફઆઇઆર ડીસીબી પોલીસમાં દાખલ થતાં તપાસ શરૂ થઇ છે.

વિગતો જોઇએ તો આ મામલે ૧૫૦ ફુટ રીંગ રોડ પર શિતલ પાર્ક પાસે હિંમતનગર-૫માં રંભામાની વાડી પાસે રહેતા અને અલગ અલગ પેઢીઓના એકાઉન્ટ લખવાનું કામ કરતા બત્રીસ વર્ષિય મીતેષપરી રાજેશપરી ગોસાઇએ નાસિકના નરેશ સેવક રામાણી અને અન્ય બેંકોના ખાતાધારકો સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે ૨૦૨૧ માં તે પોતાની પાસે રહેલ રૂપીયાનો રોકાણ બાબતે રીસર્ચ કરતા હતા. ત્યારે અલગ-અલગ સોશ્યલ મીડીયા મારફતે આરોપી નરેશનો સંપર્ક આરોપીએ તેના મોબાઇલ નંબર આપ્યા હતા.

આ સમયે આરોપીએ તેમની પાસે શેરબજારમાં શેરની ખરીદ-વેચાણ કરી શકશો. તેમાં તમારે રોકાણ ઉપર કોઇ પણ ચાર્જ ચુકવવો નહી પડે. તેમાંથી નરેશને કમીશન આપવાનું થશે તેમ વાત કરી હતી. એટલુ જ નહી હાલ તમે ટ્રેડીંગ શીખી રહયા છો. જેથી મારે હાલ તમારી પાસે કોઇ કમીશન પણ જોતુ નથી તેમ કહી આરોપીએ તેને ઘણી બધી વેબલીંકો આપી હતી. જેમાં તે ટ્રેડીંગ શીખતા હતા તેણે ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીમાં કયારેક-કયારેક નાની-નાની રકમનું રોકાણ કરી ટ્રેડીંગ શીખ્યું હતું. ૨૦૨૪ માં ટ્રેડીંગમાં સારા અનુભવ થતા તેણે મિત્ર વર્તુળ પાસેથી ઉછીના રૂપીયા લઇ મોટા પાયે ટ્રેડીંગ શરૂ કર્યુ હતું. ત્યારબાદ આ બાબતે તેણે આરોપીને કહેતા આરોપી નરેશ તમે હેલો ટ્રેડર્સ નામની ટ્રેડીંગની સાઇટ છે. જો તમારે તેમાં રોકાણ કરવુ હોય તો ટ્રેડીંગ કરવા માટે મને એજન્ટ તરીકે કમીશન આપવુ પડશે તેમ કહેતા સહમતી આપી હતી. ત્યાર બાદ આરોપીએ હેલો ટ્રેડર્સ નામની વેબલીંક આપી હતી. જેમાં તે લોગ ઇન થઇ આઇડી, પાસવર્ડ જનરેટ કર્યા હતા. તેમજ આ લીંકમાં જ તેને રૂપીયા ડીપોઝીટ કરવા માટે અલગ-અલગ બેંક ખાતાની માહીતી અને કયુઆર કોડ જોવા મળતો હતો. જેમાં તેણે હેલો ટ્રેડર્સ, સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇજ, પેસીફાય ઇન્ફ્રા પેમેન્ટ સોલ્યુશન, વીશ બોટ સોફ્ટ ટેક, રામજી એસ ટેક, માનકી એન્ટરપ્રાઇસ, એલીવેટ ટ્રેડર્સ, મારૂતી મની અને ટ્રસ્ટી એન્ટ.ના બેંક ખાતાઓની માહીતી મળતા તેના બેંક ખાતામાં તે રૂપીયા જમા કરાવતા હતા. તે જમા રૂપીયા અંગે એપમાં જણાવેલા સપોર્ટનંબર અને આરોપી નરેશના વોટસએપ નંબર પર સ્ક્રીન શોટ નાખતા હતા જે રકમ તેની આઇડીમાં બેલેન્સ રૂપે બતાવતા હતા. આરોપી નરેશ કહેતા તેમ તે બેંક મારફતે કમીશનના નાણા તેના ખાતા અને અન્ય ખાતાઓમાં આપતા હતા. બીજી તરફ શેરબજારમાં રોકાણ કરેલી રકમ પરત મેળવવી હોય ત્યારે તે વેબસાઇટમાં વીથ ડ્રોના પેઇઝમાં બેંક ખાતાની વિગતો ભરી વીજ ડ્રોનું ઓપ્શન આપતા તેના ખાતામાં રૂપીયા જમા થઇ જતા હતા.

જેથી ૨૦૨૪ થી ફબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં તેણે ૬,૩૫,૪૮,૮૩૪ નું રોકાણ કર્યુ હતું. જેમાંથી ૪,૨૩,૧૫,૧૬૯ રકમ પરત મળી હતી. જયારે ૨,૧૨,૩૩,૬૬૫ રૂપીયા પરત લેવાના બાકી હતા. એટલુ જ નહી તેણે રોકાણ કરેલી રકમ બદલ ખાતામાં રૂા. ૨-૨-૨૦૨૬ના થયેલી નફાની રકમ આશરે બે કરોડ પણ હતી. જે તમા નફાની રકમ તેણે વીથડ્રો કરવી હોવાથી લીંકમાં વીથ ડ્રો કરવા જતા એરર આવવા લાગી હતી. જેથી તેણે આરોપી નરેશને ફોન કરી વાત કરતા આરોપીએ હું એક-બે દિવસમાં તમારા તમામ રૂપીયાની વિથડ્રો માટેની વ્યવસ્થા કરી આપીશ તેમ કહયું હતું. પરંતુ બાદમાં આરોપીનો સંપર્ક કરતા તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આમ આરોપીઓએ રોકાણ કરેલી રકમમાંથી પરત લેવાના ૨.૧૨ કરોડ અને નફાના આશરે રૂા. ૪.૧૨ કરોડ પરત નહી આપી ફ્રોડ કર્યુ હતું. આ મામલે આર્થિક ગુના નિવારણ શાખાના એએસઆઇ જે.આર. ચુડાસમાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

વધુ માહિમતી અનુસાર એકાઉન્ટન્ટ મીતેષ પરીએ પોલીસને જણાવ્યુ કે તે પોતાની રકમના રોકાણ બાબતે રીસર્ચ કરતા હતા. તે સમયે અલગ-અલગ સોશ્યલ મીડિયા મારફતે આરોપી નરેશને સંપર્ક થયો હતો. બાદમાં વાતચીત કરી કમિશનર એજન્ટ તરીકે કમીશન લઇ રૂપિયાનું રોકાણ કરાવી ઠગાઇ કરી હતી. તેમજ હીસાબનીશ મીતેષપરી ને આરોપી નરેશ ટ્રેડીંગ શીખવા ઘણી-બધી લીંકો આપી હતી. જેમાં તે ૨૦૨૧ થી લઇ ૨૦૨૪ સુધી નાની-મોટી રકમનું રોકાણ કરી ટ્રેડીંગ શીખ્યા હતા. ત્યારબાદ ૨૦૨૪ થી ફેબ્રુ.૨૦૨૬ સુધી તેણે કુલ રૂા. ૬.૩૫ કરોડનું રોકાણ કર્યુ હતું. જેમાંથી ૪.૨૩ કરોડ પરત મળ્યા હતા. જયારે રોકાણના રૂા. ૨.૧૨ કરોડ અને નફાના આશરે ૨ કરોડ પરત અપાયા ન હતા. આ ઉપરાંત આરોપીએ મીતેષપરીને આપેલી હેલો ટ્રેડીંગની વેબલીંકમાં તે રોકાણ કરી ટ્રેડીંગ કરતા હતા. જેમાં રૂા. ૨.૧૨ કરોડ જમા હતા. જયારે આશરે ૨ કરોડનો નફો જમા થયો હતોય તે મળી રૂા. ૪.૧૨ કરોડ વીથ ડ્રો કરવા જતા 'એરર' આવવા લાગી હતી. તેણે આરોપીને કોલ કરતા બહાનુ બતાવી ફોન ઉપાડવાનું બંધ કરી દેતા ફરિયાદ નોંધાવી હતી.

---

ચોર તો ઘણા ય પકડાયા પણ આ બંને કંઇક અલગ જ લેવલના હતાં

# બે ભાઇબંધ બોલેરોના ટાયરો જ ચોરતાં : સત્તર ગુના કબુલ્યા

## આજીડેમ પોલીસે મંછાનગરના બે શખ્સને પકડી મુદ્દામાલ કબ્જે કર્યોઃ કારનો ઉપયોગ કરી ચોરી કરતાં

રાજકોટ, તા.૨૯

રાજકોટમાં ચોરીના બનાવો અવાર-નવાર બનતા રહે છે. પરંતુ બે એવા મિત્રોને પોલીસે પકડ્યા છે જે માત્ર બોલેરો પીકઅપના ટાયરો-વ્હીલપ્લેટ ચોરતાં હતાં. બે વર્ષમાં તેણે આવા બે ચાર નહિ સત્તર ગુના આચર્યા હતાં. રાજકોટ, ખંભાળીયા, શાપર સહિતના વિસ્તારોમાંથી છેલ્લા બે વર્ષમાં ૧૭ બોલેરો પીકઅપમાંથી ટાયરોની ચોરી કરનારા બે શખ્સોને આજીડેમ પોલીસે ઝડપી લીધા છે. બોલેરોનુ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં આ બંને મિત્રો પોતાના વાહનમાં અને મિત્ર સર્કલમાં ટાયરોની જરૂર પડે ત્યારે ગમે તેના બોલેરો પાર્ક કરેલા હોઇ તેમાંથી ટાયર કાઢી લેતાં હતાં. ચોરી કરવા માટે સ્વીફ્ટ કારનો ઉપયોગ કરતાં હતાં. પોલીસે ૧૬ ટાયરો, જેક, કાર મળી ૬,૯૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિગતો જોઇએ તો તાજેતરમાં આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારો કાળીપાટ ચોકડી, હલેન્ડા ગામ અને ગોંડલ રોડ પર મીરા પાપડ નજીકથી ઉપરા ઉપર બોલેરો પીકઅપમાંથી ટાયર કાઢી જવાના ત્રણ ગુના નોંધાયા હતાં. આ ગુનાનો ભેદ ઉકેલવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી






કે કોઠારીયા સોલવન્ટ સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ ગેઇટની સામે ખુલ્લા પ્લોટમાં બે શખ્સો શંકાસ્પદ ટાયરો, વ્હીલ પ્લેટ સાથે ઉભા છે. તેના આધારે બંનેને સકંજામાં લઇ પુછતાછ કરતાં પોતાના નામ લાલજી કરસનભાઇ મેઘાણી (રહે. મંછાનગર-૮, જુના યાર્ડ પાછળ) અને રાહુલ બાઘાભાઇ ચિરોડીયા (રહે. મછાનગર-૪, જુના યાર્ડ પાછળ, હિતેષભાઇ સરવૈયાના મકાનમાં ભાડેથી) જણાવ્યા હતાં. તેની પાસેના ટાયરો અંગે પુછતાછ થતાં ગલ્લા તલ્લા કર્યા બાદ આકરી પુછતાછમાં આ ટાયરોની ચોરી કર્યાનું કબુલ્યું હતું. તેણે આજીડેમ પોલીસમાં તાજેતરમાં ત્રણ પીકઅપ ગાડીના ટાયરો ચોરી કર્યાની કબુલાત આપી હતી.

આ ઉપરાંત અન્ય દસ ચોરીઓ કબુલી હતી. જેમાં દસ દિવસ પહેલા ખંભાળીયા નજીક બોલેરોમાંથી ૩ ટાયરો, ત્રણ મહિના પહેલા બેડીપરા સંતકબીર રોડ પરથી બે ટાયર, પડધરી રેલ્વે ફાટક પાસેથી બે ટાયર, ચાર મહિના પહેલા માધાપર ચોકડી પાસેથી બોલેરોમાંથી બે ટાયરો, પાંચ મહિના પહેલા માંડા ડુંગર પાસેથી ત્રણ ટાયર, આઠ મહિના પહેલા નવાગામ રંગીલા સોસાયટીમાંથી બે ટાયર, એક વર્ષ પહેલા હુડકો ચોકડી પાસેથી એક ટાયર, દોઢ વર્ષ પહેલા માંડા ડુંગર પાસેથી પીકઅપ ગાડીમાંથી બે ટાયર, બે વર્ષ પહેલા શાપરમાંથી બે ટાયર, મોરબી રોડ જકાતનાકા પાસેથી બે ટાયર, કુવાડવા ચોકડી મોમાઇ હોટેલ પાસેથી એક ટાયર, બે વર્ષ પહેલા માંડા ડુંગર પાસેથી બે ટાયર અને નવાગામ સાત હનુમાન પાસેથી બે ટાયરની ચોરી કર્યાનું કબુલ્યું હતું. આ બંને પોતે બોલેરોનું ડ્રાઇવીંગ કરે છે. જ્યારે ટાયરની જરૂર પડે ત્યારે રાતના સમયે સ્વીફ્ટ કાર જીજે૦૩પીઆર-૪૨૦૪ લઇને નીકળતાં અને જેકનો ઉપયોગ કરી જરૂરીયાત મુજબના ટાયરો કાઢી લેતાં હતાં.

પોતાના ડ્રાઇવર મિત્રવર્તુળમાં પણ તે ગમે તેને જરૂર હોય તો આ રીતે ટાયર કાઢેલા હોય તે આપી દેતાં હતાં. બંનેને વિશેષ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ વી. જી. ડોડીયા, એસ. એલ. ગોહિલ, એએસઆઇ સાગરભાઇ પ્રધાન, હેડકોન્સ. પિયુષભાઇ ચિરોડીયા, હરપાલસિંહ જાડેજા, દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા, સંજયભાઇ મિયાત્રા, હિતેષભાઇ અગ્રાવત, અજયભાઇ વિકમા, મેહુલભાઇ મુંધવા, કોન્સ. હરપાલસિંહ જાડેજા, મનિષભાઇ શિરોડીયા, હરેશભાઇ કુકડીયા, વિપુલભાઇ ટમાળીયા, ધર્મેશભાઇ મુંધવા, વિશ્વરાજસિંહ પરમાર અને સાવનભાઇ સાંગાણીએ આ કામગીરી કરી હતી.

---

# દંપતિએ દાટ વાળ્યોઃ દિકરાને સાથે રાખી ઘરમાં જ દેહવેપલાનો ધંધો આદર્યો!

## એએચટીયુની ટીમે ત્રણેયને પકડ્યાઃ મહારાષ્ટ્રની યુવતિને પાંચસો આપી હજાર પોતે રાખી લેતાં

રાજકોટ તા. ૨૯

એક દંપતિએ દાટ વાળી દીધી હતી. પોતાના દિકરાને સાથે રાખીને વેશ્યાવૃતિ ચાલુ કરાવી હતી. આ પતિ પત્નિએ પોતાના ઘરમાં જ આવા ધંધા આદર્યા હતાં. ત્રણેયને એએચટીયુની ટીમે પકડી લીધા હતાં. હોટેલો, સ્પા પાર્લ પછી હવે ઘરમાં પણ આવી લોહીના વેપલાની ગેરપ્રવૃતિ શરૂ થઇ હતી. અટલ સરોવર નજીક વર્ધમાનનગરમાં એક ઘરમાં ચાલતું કૂટણખાનુ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે પકડી લીધુ છે. ચોંકાવનારી બાબત એ છે કે આ કૂટણખાનું એક દંપતિ પોતાના પુત્ર સાથે મળીને ચલાવી રહ્યું હતું. ત્રણેય સામે પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે. દિલ્હીની એક લલનાને રાખી તેની પાસે દેહવ્યાપાર કરાવાતો હતો. લલનાને તેના બદલામાં રૂા. ૫૦૦ ચુકવાતા હતાં.

વિગતો જોઇએ તો નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર અટલ સરોવર નજીક વર્ધમાનનગર-૧૭માં એક મકાનમાં રહેતું દંપતિ અને તેનો દિકરો એક પરપ્રાંતની યુવતિને ઘરમાં રાખી તેની પાસે દેહવ્યાપાર કરાવે છે તેવી બાતમી મળતાં એએચટીયુની ટીમે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યો હતો. પોલીસે ઘરધણી પ્રફુલ ચીમનભાઇ જાદવ (ઉ.વ.૫૪), તેના પત્નિ દર્શનાબેન પ્રફુલ જાદવ (ઉ.વ.૫૧) અને દિકરા યશ પ્રફુલ જાદવ (ઉ.વ.૨૫) વિરૂધ્ધ ધ ઇમોરલ ટ્રાફિકીંગ પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસે દરોડો પાડ્યો ત્યારે ઉપરના





રૂમમાં ડમી ગ્રહક સાથે એક યુવતિ કઢંગી હાલતમાં મળી હતી. તેની પુછતાછ કરતાં તેણે પોતે મહારાષ્ટ્રની વતની હોવાનું અને અહિ તેની પાસે દહેવેપલો કરાવી ગ્રાહક દિઠ પ્રફુલ જાદવ અને તેના પત્નિ રૂા. ૧૫૦૦ વસુલી તેણીને રૂા. ૫૦૦ ચુકવાતા હોવાનું કબુલ્યું હતું.

પોલીસે રૂમમાંથી કોન્ડોમના પેકેટ, રોકડ મોબાઇલ ફોન મળી ૨૯૬૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આર્થિક ભીંસ હોઇ દેણુ થઇ ગયું હોઇ પ્રફુલે આ ધંધા ચાલુ કર્યાનું રટણ કર્યુ હતું. તેની પત્નિ ઉપર ગ્રાહક આવે તેને રૂમમાં લલના પાસે મોકલતી હતી અને ગ્રાહક શરીર સંબંધ બાંધતો હોઇ ત્યારે ગેલેરીમાં ઉભી રહી પોલીસ આવતી નથી ને તેનું ધ્યાન રાખતી હતી. જ્યારે તેનો પુત્ર કોન્ડોમની વ્યવસ્થા કરી આપતો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની રાહબરીમાં પીઆઇ પી.એન. પઢીયાર, પીએસઆઇ એસ. પી. ચૌહાણ, એએસઆઇ અજયભાઇ શુકલા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સલિમભાઇ મકરાણી, કોન્સ. હસમુખભાઇ બાલધા, મહેશભાઇ પ્રસાદ, જ્યોતિબેન બાબરીયા, ભુમિકાબેન ઠાકર, સુર્યકાંતભાઇ જાદવે આ કામગીરી કરી હતી.

### અનેક એવા હોય છે જે જ્યાં ખાય એ જ થાળીમાં થૂંકેઃ વધુ એક કારીગર દાવ કરી ગયો

# ચા પીવા ગયો ને ૭.૫૦ લાખનું સોનુ લેતો ગયો

## બીજી ઘટનામાં મૃતક ખેડુતના નામે બોગસ બાનાખત ઉભુ કરી કિંમતી જમીન પચાવવાનું કારસ્તાનઃ ચૂંટણીકાર્ડમાં ગરબડ કરી ગોટાળો આચર્યો હતો

રાજકોટ, તા.૨૯

અનેક પેઢીઓ, કંપનીઓ સાથે તેના જ વિશ્વાસુ કારીગરો, કર્મચારીઓ દગો કરી નાણા કે દાગીના ઉસેડી ભાગી જતાં હોવાના બનાવો અવાર-નવાર બને છે. વધુ એક કિસ્સામાં આવો જ એક કર્મચારી દાવ કરી ગયો હતો. આ કારીગર પોતે ચા પીવા જાય છે તેમ કહીને ગાયબ થઇ ગયો હતો. પછી વેપારીએ તપાસ કરતાં ખબર પડી હતી કે તે દુકાનમાંથી સાડા સાત લાખનું સોનુ પણ લેતો ગયો હતો. દોઢેક વર્ષ સુધી તેણે ઈમાનદારીથી કામ કર્યુ હતું અને પછી કારીગીરી કરી ગાયબ થઇ ગયો હતો.

વિગતો જોઇએ તો અમદાવાદના કાલુપુર ગાંધીરોડ પર આવેલા શ્રીનાથજી કોમ્પ્લેક્ષમાં સોનાના ઘરેણાં બનાવવાનું લેબરકામ કરતા વેપારીને ત્યાં દોઢ વર્ષથી કામ કરતો મૂળ પશ્ચિમ બંગાળનો કારીગર ચા-પાણી પીવા જાઉં છું કહીને દુકાનમાંથી રૂ. સાત લાખ છપ્પન હજાર સોનાની બંગડી અને સોનાનો ભુક્કો ચોરીને ભાગી છૂટ્યો છે. આ અંગે વેપારીએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર દાણીલીમડામાં રહેતા સંદીપ ઘોષ કાલુપુર ગાંધીરોડ પર શ્રીનાથજી કોમ્પ્લેક્ષના બીજા માળે સંદીપ જ્વેલર્સવનામથી સોનાના ઘરેણાંનું લેબરકામ કરે છે.

તેઓ છેલ્લા પંદર વર્ષથી વેપારી યતિનકુમાર પટેલનું સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે. યતિનકુમારે સંદીપભાઈને ડીઝાઇન મુજબ ગુલાબ ડીઝાઈનની ચાર બંગડીઓ બનાવવા માટે ૧૯૮ ગ્રામ કાચું સોનું આપ્યું હતું. સંદીપભાઈ અને તેમની દુકાનમાં છેલ્લા દોઢ વર્ષથી કામ કરતો મૂળ પશ્ચિમ બંગાળનો કારીગર વિશ્વનાથ ઉર્ફે વિસુ તારાપાદા સામંતા બન્નેએ બંગડીઓ બનાવવાનું કામ શરૂ કર્યું હતું. ચાર બંગડીઓ તૈયાર થઈ ગઈ હતી. જેમાં માત્ર લટકણ અને ટચીંગનું કામ બાકી હતું. તે રાત્રે બાવીસ કેરેટ સોનાની ૧૬૦ ગ્રામની ચાર બંગડીઓ અને બંગડીઓ બનાવતા વધેલો સોનાનો ૫૫ ગ્રામ ભુક્કો તિજોરીમાં મૂકીને દુકાન બંધ કરી ગયા હતા.



આ પછી બીજા દિવસે દુકાન ખોલી તિજોરીમાંથી બંગડીઓ અને સોનાનો ભુક્કો કાઢીને કારીગર વિશ્વનાથને લટકણ લગાવવા માટે આપ્યા હતા. બાદમાં વિશ્વનાથ હું નીચે ચા-પાણી પીવા જાઉં છું તેમ કહીને દુકાનેથી નીકળ્યો હતો. લાંબો સમય થવા છતાં તે પરત ન આવતા સંદીપભાઈએ તેને ફોન કર્યો પરંતુ તેનો ફોન બંધ આવતો હતો. શંકા જતાં સંદીપભાઈએ ઘરેણાંની ચકાસણી કરતાં રૂ. ૫.૬૦ લાખની ૩૮ ગ્રામ વજનની ૨૨ કેરેટ સોનાની એક બંગડી અને રૂ. ૧.૯૫ લાખનો ૧૪ ગ્રામ સોનાનો ભુક્કો ગુમ હતો. તપાસ કરતા કારીગર વિશ્વનાથ કુલ રૂ. ૭.૫૬ સોનાનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. વતનમાં અને ઓળખીતાઓ પાસે તપાસ કરવા છતાં તેનો કોઈ પત્તો ન મળતાં આખરે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

બીજી ઠગાઇ જોઇએ તો બીજી ઠગાઇ જોઇએ તો અડાલજ અને નારોલની જમીન પચાવી પાડવાના કારસામાં મૃતક ખેડૂતના નામે બોગસ બાનાખત ભું કરી રૂ. ૨૫ લાખ મેળવી લીધા હોવાનો બહાનું બતાવી છેતરપિંડી આચરવા બદલ કલોલના શખ્સ સામે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રહેતા વિનય ઈશ્વરભાઈ રબારી સામે નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે આવેલ મહાદેવવાસમાં રહેતા અને ખેતીકામ કરતા ૩૪ વર્ષીય કનુજી જયંતીજી ઠાકોરે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કનુજીના પિતા જયંતીજી ગુગાજી ઠાકોરનું બે વર્ષ પહેલા અવસાન થયું હતું.

પિતાના અવસાન બાદ પરિવારના સભ્યોએ વારસાઈ હકે અડાલજ તેમજ મોજે નારોલ ખાતે આવેલી ખાતા નંબર ૪૨૬ અને સર્વે નંબર ૭૯ વાળી જમીનમાં નિયમ મુજબ પેઢીનામું બનાવી વારસાઈ નામો દાખલ કરાવ્યા હતા. દરમિયાન, કનુજીના પરિવારે પોતાની નારોલ મુકામે આવેલી ૧-૫૮-૫૧ હેક્ટર ક્ષેત્રફળ વાળી જમીન વેચવાની કાર્યવાહી હાથ ધરી ટાઈટલ ક્લિયરન્સની -ક્રિયા શરૂ કરી હતી. આ સમયે કડીના એડવોકેટ કલ્પેશજી રાજપરા મારફતે તેમને એક લીગલ નોટિસ મળી હતી. આ નોટિસમાં જણાવવામાં આવ્યું હતુ કે, કલોલના ઋષિકેશ લેટમાં રહેતા રબારી વિનય ઈશ્વરભાઈએ તા. ૦૮ માર્ચ ૨૦૧૯ના રોજ અમદાવાદના નોટરી રૂબરૂમાં આ જમીન પૈકી જયંતીજીના ભાગની વગર વહેંચાયેલી ૦-૩૯-૬૨ હેક્ટર જમીનનો કબજા વગરનો વેચાણ બાનાખત કરાર કરાવેલો છે અને તેના બદલામાં રૂ. ૨૫,૦૦,૦૦૦ ટુકડે-ટુકડે રોકડા ચૂકવી આપ્યા છે.

જો કે લીગલ નોટિસ સાથે જોડાયેલા દસ્તાવેજો અને બાનાખતની ચકાસણી કરતા ફરિયાદીને શંકા ગઈ હતી. તપાસ દરમિયાન પિતા જયંતીજીના ચૂંટણી કાર્ડમાં મકવાણા જયંતીજી ના બદલે મકવાણા જયંતીભાઈ દર્શાવેલું માલૂમ પડ્યું હતું. આ ઉપરાંત બાનાખત પર પિતાની કરવામાં આવેલી સહીઓ પણ બનાવટી હોવાની આશંકા જતાં ફરિયાદીએ ખાનગી હસ્તાક્ષર નિષ્ણાત વી.બી. ભરવાડ પાસે દસ્તાવેજોની ચકાસણી કરાવી હતી. નિષ્ણાતના અહેવાલમાં જયંતીજીના કુદરતી હસ્તાક્ષર અને બાનાખત પરની સહીઓ મેળ ખાતી ન હોવાનું અને સહીઓ ખોટી રીતે કરવામાં આવી હોવાનું સાબિત થયું હતું. આમ, આરોપી વિનય ઈશ્વરભાઈ રબારીએ પોતાના મળતિયા માણસો સાથે મળીને મૃતક જયંતીજી ઠાકોરના નામે બોગસ સહીઓ કરી તથા ચૂંટણી કાર્ડમાં ગરબડ કરી ખોટો બાનાખત દસ્તાવેજ ભો કર્યો હતો. આ બોગસ દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી જમીન વેચાણમાં વાંધા ભા કરી કનુજી ઠાકોર અને તેમના પરિવાર સાથે છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા આખરે નંદાસણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

---

# પાનની કેબીનવાળા પાસે માંગ્યું લાઇટર પણ મળ્યા પાઇપના ઘાઃ હાથ ભાંગી ગયો

## ચુનારાવાડના ટ્રેક્ટર ચોકમાં પાનવાળો ગરમી પકડી ગયો



રાજકોટ તા. ૨૯

નહિ જેવી વાતે લોકો ઉકળી ઉઠતા હોય છે અને મારા મારી પર ઉતરી આવતા હોય છે. આવી વધુ એક ઘટના બની હતી. જેમાં શહેરના ટ્રેક્ટર ચોક પાસે માત્ર બીડી સળગાવવા માટે લાઈટર માંગવા જેવી બાબતે પાનની કેબિનધારકે ઉશ્કેરાઈ જઈ ૧૯ વર્ષીય યુવક પર લોખંડના પાઈપ વડે હુમલો કરી દીધો હતો. હુમલામાં યુવકના ડાબા હાથમાં ફ્રેક્ચર થતા તેને હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું પડ્યું હતું. બનાવ અંગે થોરાળા પોલીસે કુબલિયાપરા શેરી નં. ૫માં રહેતા અને મજૂરીકામ કરતા ઓગણીસ વર્ષના સાવન જીતુભાઈ રાઠોડની ફરિયાદ પરથી વાહીદ ઈસ્માઈલભાઇ સામે ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી આપતાં સાવનના જણાવ્યા મુજબ ગત ચોથી તારીખે બપોરના બે વાગ્યાની આસપાસ તે પોતાના ઘરેથી રામનાથપરા મહાદેવના મંદિર તરફ ચાલીને જઈ રહ્યો હતો. દરમિયાન ટ્રેક્ટર ચોક પાસે આવેલી પાનની કેબિન પર બેઠેલા વાહીદ ઈસ્માઈલભાઈ પાસે બીડી સળગાવવા માટે લાઈટર માંગ્યું હતું. પરંતુ વાહીદે લાઈટર આપવાની ચોખ્ખી ના પાડી દઇ બોલાચાલી કરી હતી.

સાવને તેને ઝઘડો કરવાની ના પાડતાં તેણે ઢીકાપાટાનો માર મારી બાદમાં કેબિનમાંથી લોખંડનો પાઈપ કાઢી ઘા કરી લીધા હતાં. બચાવમાં સાવને ડાબો હાથ આડો ધરતા પાઈપનો ઘા હાથના કાંડાના ભાગે લાગતાં તે જમીન પર પડી ગયો હતો. દેકારો થતાં લોકો એકઠા થઇ ગયા હતાં અને સાવનને છોડાવ્યોહ તો. પ્રાથમિક સારવાર બાદ વધુ દુ:ખાવો થતો હોઇ ફરી નિદાન-એક્સરે કરાવતાં કાંડાના ભાગે ફ્રેકચર હોવાનું ખુલ્યું હતું. તેમજ તબિબોએ ઓપરેશન કરવાનું કહેતાં ઓપરેશન કરાવ્યું હતું. બનાવ બાદ સમાધાન અંગે વાતચીત ચાલી રહી હતી. પરંતુ સમાધાન ન થતાં પોલીસને જાણ કરતા ઈન્સપેકટર એસ. પી. સોઢાની સુચના અનુસાર હેડકોન્સ. એન. એસ. ડામોરે ફરિયાદ દાખલ કરી હતી.

---

### રાજકોટના મહિકા ગામે વિકાસના કામમાં રોળા નાંખવાનું કામ : એટ્રોસીટીમામં ફસાવી દેવાની ધમકી

# તારા બાપનું નથી...તા.પં.ના ઉપપ્રમુખને ધમકી

## વર્ષાબેન ખુંટને ફોનમાં મહિકાના સવજીભાઇએ બેફામ ભાંડ્યાઃ ગટરનું કામ જ્યાં થવાનું છે એ પ્લોટ પોતાનો હોવાનું કહી ડખ્ખો કર્યોઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ તા. ૨૯

માથકુટ, મારામારી, ધાકધમકીના બની રહેલા બનાવો વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ તાલુકા પંચાયતના મહિલા ઉપપ્રમુખને તેમના મુળ વતન મહિકા ગામના શખ્સે ફોન પર બેફામ ભૂંડી ગાળો દઇ ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી છે. હાલ મહિકા ગામમાં ભૂગર્ભ ગટરનું કામ ચાલુ કરવાનું હોઇ આ શખ્સે ફોન કરી તમે જ્યાંથી ગટર કાઢવાના છો ત્યાં મારો પ્લોટ છે, જો ત્યાં કામ થશે તો હું એટ્રોસીટીના ખોટા કેસમાં ફસાવી દઇશ, તારા જેવા કેટલાય આવીને ગયા તેમ કહી ગાળો ભાંડતા એફઆઇઆર દાખલ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો મુળ મહિકા ગામના વતની અને હાલ માવધ રેસીડેન્સી રાજકોટ ખાતે રહેતાં તાલુકા પંચાયતના મહિલા સભ્ય અને ઉપપ્રમુખને મહિકા ગામના શખ્સે ફોન કરી ભૂગર્ભ ગટરના કામ બાબતે બોલાચાલી કરી તમે જ્યાંથી ગટર કાઢો છો ત્યાં મારો પ્લોટ છે, હું કામ નહિ કરવા દઉ, અડધુ ગામ ખરાબામાં છે એ પાડી નાંખો પછી જ કામ કરવા દઇશ, તારા બાપનું નથી, કામ કરીશ તો ખોટા કેસમાં ફસાવી દઇશ કહી ધમકી આપતાં અને ગાળો ભાંડતા ચકચાર જાગી છે. આ બનાવમાં આજીડેમ પોલીસે મુળ રાજકોટ ભાવનગર હાઇવે પરના મહિકા ગામના વતની અને હાલ માવધ રેસીડેન્સી શેરી ન. ૬ બ્લોક



નં. ૩૦ લિજ્જત પાપડ પાસે રહેતાં રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય અને ઉપપ્રમુખ ચાલીસ વર્ષીય વર્ષાબેન રસિકભાઇ ખુંટની ફરિયાદ પરથી મહિકા ગામે રહેતાં સવજી ખીમજીભાઇ ગોહેલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી તી.

આ બનાવ બારામાં એફઆઇઆરમાં વર્ષાબેન ખુંટે જણાવ્યું છે હુ.પરિવાર સાથે રહુ છું અને ખેતી કામ કરી ગુજરાન ચલાવુ છું. તેમજ તાલુકા પંચાયતના સભ્ય અને ઉપપ્રમુખનું પદ ધરાવુ છું. તા. ૨૮/૯ના રાતે સવા દસેક વાગ્યે હું મારા હાલના સરનામે હતી ત્યારે માતા પતિના ફોનમાં મહિકા ગામના સવજીભાઇ ગોહેલનો ફોન આવ્યો હતો. મારા પતિ તેમની સાથે મહિકા ગામના ભૂગર્ભ ગટરના સરકારી કામ બાબતે મારા પતિ શાંતીથી વાત કરતાં હતાં. આ દરમિયાન અચાનક સવજીભાઇ ઉગ્ર થઇ ગયા હતાં અને મારા પતિ સાથે બોલાચાલી કરવા માંડ્યા હતાં. આથી મેં મારા પતિ પાસેથી ફોન લઇ લીધો હતો.

ત્યાર પછી સવજીભાઇએ મને કહેલું કે તમે જ્યાંથી ગટર કાઢો છો ત્યાં મારો પ્લોટ છે, ત્યાં હું કંઇ કામ નહિ કરવા દઉં. આમ કહેતાં મેં કહેલું કે તમારો પ્લોટ હોય તો પ્રૂફ લેતા આવજો. જેથી તેણે તું મારી સાહેબ છો, તે મારે તને કાગળ બતાવવાના, મારો પ્લોટ રજવાડા સમયનો છે, તેના કોઇ કાગળો ન હોય, અને અડધુ ગામ ખરાબામાં છે તે પાડી નાંખો પછી હું કામ કરવા દઇશ. સવજીભાઇએ આવુ કહેતાં મેં જણાવેલ કે કામ ત્યાં થશે જ અને કાલે જેસીબી ત્યાં કામે લગાવીશ. આ સાંભળી સવજીભાઇ વધુ ઉશ્કેરાઇ ગયા હતાં અને મને ભુંડી ગાળો બોલવા માંડ્યા હતાં.

તેમજ તમે અહિ કામ કેમ કરો છો તે હું જોઇ લઇશ તેવી ગર્ભીત ધમકી આપી હતી. તેમજ આ તારા બાપનું નથી તે તું કામ કરીશ અને વધારે કંઇ હોશીયારી કરીશ તો તને ખોટા કેસમાં ફીટ કરાવી દઇશ, તારા જેવા ઘણા આવીને ગયા તેમ કહી ધમકી આપી હતી. સવજીભાઇ અવાર-નવાર ગામના સરપંચ અને તલાટી સાથે પણ માથાકુટ કર્યે રાખે છે. તેમ વધુમાં વર્ષાબેને જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયાએ ગુનો દાખલ કરાવ્યો છે. વધુ તપાસ હેડકોન્સ. એ. જે. રાણાએ હાથ ધરી હતી. ગામમાં વિકાસના કામ વખતે ગામના જ રહેવાસી દ્વારા આ રીતે રોળા નાંખવાનો અને મહિલા ઉપપ્રમુખ તેમજ તેમના પતિ સાથે ફોનમાં ગાળાગાળી કરી ધમકી આપવાનો બનાવ બનતાં ગામમાં અને તાલુકા પંચાયતમાં ચર્ચા જાગી છે. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

---

### ક્રાઇમ બ્રાંચમાં બાતમી દીધાની શંકા રાખી પાડોશી બન્યો પાડોશીનો દૂશ્મન

# યુવાન પર જર્મન શેફર્ડ છૂટો મુકતા કર્યો લોહફીલુહાણ

## મવડી અમરનગરમાં બનાવઃ રિક્ષાચાલકને કૂતરાએ બટકા તો ભર્યા માથે જતાં તેને બાંધવાની સાંકળથી પણ માર મરાયોઃ માલવીયાનગર પોલીસે દાખલ કર્યો ગુનો

રાજકોટ, તા. ૨૯

રંગીલા રાજકોટ શહેરમાં માથાકુટ તો રોજબરોજ થતી રહે છે. પરંતુ લોકો હુમલા કરવામાં કેવા કેવા તુક્કા અજમાવે છે તે જાણીને સૌ ચોંકી જશે. એક બનાવમાં એક યુવાનને પાડોશી સાથે માથાકુટ ચાલતી હોઇ ખાર રાખી આ શખ્સે પોતાનો જર્મન શેફર્ડ કૂતરો પાડોશી પર છુટો મુકી દેતાં આ પાળતુ તાલિમબધ્ધ કૂતરાએ પાડોશી યુવાનને બેફામ બટકા ભરી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. એટલુ જ નહિ કૂતરા બાંધવાની લોખંડની સાંકળથી પણ આ શખ્સે હુમલો કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચમાં બાતમી આપતો હોવાની શંકા રાખી પાડોશમાં રહેતા શખ્સે એક રિક્ષાચાલક યુવક પર પોતાના પાળેલા જર્મન શેફર્ડ કૂતરાને છોડી મુકી હુમલો કરાવ્યાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ કૂતરાને ઉશ્કેરી યુવકને શરીરે બટકા ભરાવવા ઉપરાંત કૂતરાને બાંધવાની લોખંડની સાંકળથી પણ માર માર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો છે, જ્યાં તેની ફરિયાદના આધારે પોલીસે પાડોશી સામે ગુનો નોંધ્યા હતો. આ બનાવમાં માલવીયાનગર પોલીસે મવડી પ્લોટ ફાયર બ્રિગેડ સામે વૃંદાવન એસ્ટેટની બાજુમાં ખોડીયાર કૃપા અમનગર-૧ ખાતે રહેતાં ચોત્રીસ વર્ષના કિશનભાઇ રમેશભાઇ મેવાડાની ફરિયાદ પરથી અમરનગર-૧માં તેના પાડોશમાં જ રહેતાં દીપ કૃષ્ણસિંહ જાડેજા વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર કિશનભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે અને પરિવારમાં પિતા, પત્નિ સાથે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે સોમવારે ૨૮મીએ સાંજે સાતેક વાગ્યાના અરસામાં તે તેના ઘર પાસે રિક્ષા નંબર જીજે૩૮ડબલ્યુ-૩૬૨૯ પાસે બેઠો હતો. આ સમયે શેરીમાં રહેતા કૃષ્ણસિંહ જાડેજાનો પુત્ર દીપ પોતાનું જર્મન શેફર્ડ કૂતરૂ લઈને ત્યાં આવ્યો હતો. આ પછી દીપે કિશનભાઈને જોઈને અચાનક બેફામ ગાળો આપવાનું શરૂ કર્યુ હતું. કિશનભાઈએ શું થયું શા માટે મને ગાળો આપો છો તેમ કહી ગાળો વાની ના પાડી હતી.



પણ તેણે વધુ ઉશ્કેરાઇ જઇ કહ્યું હતું કે તું અમારી ક્રાઈમ બ્રાંચમાં બાતમી આપે છે અને અગાઉ મોબાઈલ બાબતે પણ અમને ખોટી રીતે હેરાન કરેલ હતાં. ત્યારબાદ દીપે પોતાની પાસે રહેલા જર્મન શેફર્ડ કૂતરાને કિશનભાઈ પર હુમલો કરવા માટે છોડી મુક્યો હતો. કૂતરાએ કિશનભાઈ પર ત્રાટકીને તેમના ડાબા હાથ, જમણા હાથ તેમજ ડાબા પગના ભાગે બટકા ભરી લીધા હતા, જેના કારણે લોહી વહેવા લાગ્યું હતું. આ રીતે કૂતરો તૂટી પડતાં કિશનભાઈ જમીન પર પડી ગયા હતાં. તે બચવાની કોશિશ કરી રહ્યા હતા ત્યારે દીપે કૂતરાને બાંધવાની લોખંડની સાંકળ વડે કિશનભાઈના માથા અને ચહેરાના ભાગે આડેધડ ફટકા મારવાનું શરૂ કર્યું હતું. આ પછી કિશનભાઇ દીપના વધુ મારથી અને તેના કૂતરાથી જેમતેમ કરીને બચીને પોતાના ઘરમાં ભાગી ગયા હતા.

યારબાદ દીપ તેમના ઘર પાસે આવ્યો હતો અને કીશનભાઇના પત્નિને પણ ગાળો ભાંડી હતી. બનાવને પગલે શેરીમાંથી દીપકભાઈ હુમ્બલ સહિતના આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોનું ટોળું એકઠું થઈ જતાં આરોપી દીપ પોતાનું કૂતરૂ લઈને સ્થળ પરથી પોતાના ઘર તરફ ભાગી ગયો હતો. બનાવ બાદ ઈજાગ્રસ્ત કિશનભાઈના પિતા રમેશભાઈએ તાત્કાલિક ૧૧૨ પોલીસ કંટ્રોલ રૂમ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

તબીબોના જણાવ્યા મુજબ કિશનભાઈને માથાના ભાગે ચેન વાગવાથી કપાળે તથા આંખ પાસે ઈજાઓ પહોંચી છે, તેમજ બંને હાથ અને પગમાં કૂતરાએ બટકા ભરતાં ઈજાઓ થઈ છે. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે સારવાર દરમિયાન કિશનભાઈની ફરિયાદ પરથી માલવીયાનગરના પોલીસ ઈન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શન હેઠળપીએસઆઇ સી. પી. રાઠોડે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ બનાવે અમરનગર મવડી પ્લોટ વિસ્તારમાં ચકચાર જગાવી દીધી છે.

### રોકાણ પર રોજના વીસ ટકાના નફાના નામે ગઠીયાઓએ કર્યો મોટો શિકાર

# મીરા પરનો ભરોસો ૧.૬૪ કરોડમાં પડ્યો!

## વેપારીને બે હજારના રોકાણ પર આરંભે મોટો નફો મળતાં અને સેબીના નામે દસ્તાવેજો મોકલાતાં વિશ્વાસ બેઠોઃ એપમાં સાડા છ કરોડનો નફો દેખાડાયોઃ પણ મળ્યા માત્ર પચ્ચીસ હજારઃ બીજી ઠગાઇમાં ફેસબૂક ફ્રેન્ડ બની ઠગ યુવતિ વૃધ્ધે ખેડુતને છેતરી ગઇ

રાજકોટ, તા.,૨૯

રોકાણના નામે ઠગાઇના કિસ્સા રોજ બની રહ્યા છે. લોકો સાથે આ પ્રકારની ઠગાઇ ગઠીયાઓ સતત કરી રહ્યા છે આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને લાલચની જાળમાં લપેટાઇને નાણા ગુમાવી રહ્યા છે. આવી વધુ એક મસમોટી ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં રોકાણ પર રોજના વીસ ટકા વળતરની ગેરેંટી આપી રોકાણકાર પાસેથી ગઠીયાઓએ એક કરોડ ચોસઠ લાખ ઉસેડી લીધા હતાં. ઓનલાઇન રોકાણ પર વેપારીને એપમાં છ કરોડ સુડતાલીસ લાખનું બેલેન્સ પણ બતાવાતું હતું. પરંતુ તેમાંથી એકેય રૂપિયો ઉપાડી શક્યા નહોતાં. અંતે તેમને આ બધુ ફ્રોડ હોવાની ખબર પડી ત્યોર મોડુ થઇ ગયું હતું. મીરા નામની યુવતિએ ઓનલાઇન સંપર્ક કરી લાલચની જાળમાં તેમને ફસાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં રોજના વીસ ટકા વળતરની લાલચ આપી ઓનલાઈન ઠગોએ રચના એવન્યુના નીતિન પીપળીયા સાથે રૂ. ૧.૬૪ કરોડની છેતરપિંડી કરી છે. મીરા ઐયર નામની વ્યક્તિએ સેબી રજિસ્ટર્ડ કંપનીના નામે લિંક મોકલી રોકાણ કરાવ્યું. શરૂઆતમાં નાનો નફો દેખાડ્યા બાદ, વિશ્વાસ જીતી મોટા રોકાણો કરાવ્યા. ૨૫,૦૦૦ પરત મળ્યા, પરંતુ ૬.૪૭ કરોડ ઉપાડવા કેપિટલ ગેઇન અને કમિશન માંગતા છેતરપિંડીનો પર્દાફાશ થયા હતો. વાઘોડિયા રોડ પર રચના એવન્યુ ખાતે રહેતા અને અમદાવાદની ખાનગી કંપનીમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા નીતિનભાઈ પીપળીયાએ પોલીસને કહ્યું હતું કે મીરા ઐયરના નામે ઇન્વેસ્ટમેન્ટને લગતો એક મેસેજ આવ્યો હતો.

ત્યારબાદ બીજા દિવસે ફરીથી મેસેજ આવ્યો હતો અને ત્યારબાદ મીરા ઐયરે પોતે સેબી રજીસ્ટર નુવામા વેલ્થ મેનેજમેન્ટની એડવાઈઝર હોવાનું કહી એક લિંક મારફતે રજીસ્ટ્રેશન કરાવ્યું



હતું. મને એક પાસવર્ડ આઇડી આપવામાં આવ્યો હતો. મીરાએ મને રોજ પાંચ ટકાથી ૨૦ ટકા સુધીનો પ્રોફિટ મેળવવા માટે ખાતરી આપી હતી. મેં શરૂઆતમાં બે હજાર રૂપિયા ભરતા તેની સામે મને મારા એકાઉન્ટમાં સારો એવો નફો દેખાતો હતો. વળી મને સેબીના રજિસ્ટ્રેશનવાળા લેટર પણ મોકલવામાં આવ્યા હતા જેથી કંપની ઉપર વિશ્વાસ બેસી ગયો હતો. આ પછી તેમણે તક્કાવાર એક કરોડ ચોસઠ લાખનું રોકાણ કરી દીધી હતું. જેની સામે માત્ર ૨૫૦૦૦ રૂપિયા પરત આપવામાં આવ્યા હતા.

જ્યારે મારા એકાઉન્ટમાં ૬.૪૭ કરોડનું બેલેન્સ બતાવવામાં આવતું હતું. પરંતુ આ રકમ ઉપાડવા માટે મારી પાસે કેપિટલ ગેનના ૨૦ ટકા અને કમિશનના ૧૫ ટકા માંગવામાં આવતા હતા. જેથી મને શંકા જતા સાયબર સેલને જાણ કરી હતી. આ પ્રકારની છેતરપીંડીના એક નહિ અનેક કિસ્સા અત્યાર સુધીમાં બની ગયા છે. જેમાં આ વધુ એક મોટી ઠગાઇનો ઉમેરો થઇ ગયો હતો.

બીજા બનાવમાં લાઠીના ખેડૂત ચંદુભાઈ બડુસને ફેસબુક ફ્રેન્ડે તબીબી સહાયના બહાને ૮૫,૦૦૦ રૂપિયાનો ચૂનો લગાવ્યો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અમરેલીનાં લાઠીના મતિરાળાગામે રામજી મંદિર પાસે રહેતાં,ખેતીકામ કરતા ચંદુભાઇ જીણાભાઇ બડુસ નામના વૃધ્ધ સાયબર ફ્રોડ નો ભોગ બન્યા હતા. તેને ફેસબુક ફ્રેન્ડે સંપર્ક કરી પોતે પરિચિત હોવાનું જણાવ્યું હતુ.એ પછી દવાખાનાના કામ માટે તાત્કાલિક પૈસાની જરૂર હોવાનું જણાવી રકમની માગણી કરી હતી.

એ પૈસા ટૂંક સમયમાં પરત આપી દેવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધા હતા.આથી એના વિશ્વાસમાં આવી જઈ જુદા જુદા નામના ગુગલ પે ક્યુ આર કોડ મોકલી, ચંદુભાઈ તથા તેમના પત્નિના સંયુક્ત બેંક ખાતામાંથી કુલ ૧૦ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. ૮૫,૦૦૦ મેળવી લઈ છેતરપિંડી આચરી હતી.આ નાણા એણે જુદા જુદા ચાર મિત્રો પાસેથી મેળવીને આપ્યા હતા. આ બનાવ અંગે લાઠી પોલીસ ફરિયાદ નોઘાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

# બકાલીએ નકલી નોટો છાપી મેળામાં વટાવી નાંખી'તી

### SOG-DCBએ પકડેલા શખ્સની પુછતાછમાં વધુ વિગતો બહાર આવી




રાજકોટ તા. ૨૯

આજીડેમ ચોકડીથી આગળ માંડાડુંગર વિસ્તારમાં રહેતાં અને રિક્ષા હંકારવા સાથે બકાલુ પણ વેંચતા અભણ દેવીપૂજક શખ્સે ઘરમાં જ જાલીનોટો છાપવાનું ચાલુ કરી દીધું હતું. એસઓજી અને ડીસીબીની ટીમે પર્દાફાશ કરી આ શખ્સને પકડી લીધો હતો. તેણે સો સોના દરની ચાલીસ જેટલી નકલી મોટો લોકમેળામાં વટાવી નાંખ્યાનું ખુલ્યું હતું.

એસઓજીની ટીમ ગેરકાયદે પ્રવૃતિઓ અટકાવવા માટે પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલને બાતમી મળી હતી કે માંડા ડુંગર નજીક શ્યામકિરણ પાર્ક-૩માં હિંગળાજ પ્રોવીઝન સ્ટોર સામે ભાડાના મકાનમાં રહેતો શખ્સ તેના ઘરમાં નકલી ચલણી નોટો છાપે છે. આ બાતમીને આધારે એસઓજી અને ક્રાઇમ બ્રાંચની ટીમે દરોડો પાડ્યો હતો. ઘરમાં એક શખ્સ હાજર હોઇ પુછતાછમાં પોતાનું નામ કિશન ભુપેન્દ્રભાઇ સોલંકી (ઉ.વ.30) જણાવ્યું હતું. પોલીસે વિશેષ તપાસ કરતાં ઘરમાંથી કોમ્પ્યુટર, પ્રિન્ટર, સીપીયુ, બટર પેપર સહિતની શંકાસ્પદ સામગ્રી મળી આવતાં વધુ તપાસ કરતાં નકલી ચલણી નોટો પણ મળી હતી. વધુ તપાસ થતાં ૧૦૦ના દરની નકલી નોટો ૨૧૬ નંગ, રૂા. ૫૦૦ના દરની નકલી ૩ નોટો મળી આવી હતી. પોલીસે આ નકલી નોટો, સીપીયુ, મોનીટર, બે અલગ અલગ પ્રીન્ટર, લેમીનેટર હીટર મશીન, બટર પેપર, રૂા. ૧૦૦ના દરની પ્રીન્ટાવાળા કાગળો, આધારકાર્ડ, એપલ મોબાઇલ મળી કુલ રૂા. ૬૫૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. વિશેષ પુછતાછ થતાં તેણે કબુલ્યું હતું કે લોકમેળામાં તેણે ૧૦૦ વાળી ચાલીસ જેટલી નોટો વટાવી નાંખી હતી અને એ પછી વધુ નોટો છાપી હતી.

પોતે ભાડેથી રહેતો હોઇ અને આર્થિક ભીંસમાં હોઇ નકલી નોટો છાપવાના રવાડે ચડ્યાનું તે રટણ કરે છે. પ્રાથમિક તપાસમાં તેણે વધુ કોઇ નોટો છાપી હોવાનું ખુલ્યું નથી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, પીએસઆઇ એ. એન. પરમાર, પીએસઆઇ એમ. વી. જાડેજા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, ભરતસિંહ પરમાર, હેડકોન્સ. હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલ, અમરદિપસિંહ વાઘેલા, છત્રપાલસિંહ રાણા, કોન્સ. વિરભદ્રસિંહ ગોહિલ, રોહિતસિંહ જાડેજા, અજયસિંહ રાજપૂત, કોન્સ. ભાગ્યલક્ષ્મીબા ઝાલા, ડ્રા. હેડકોન્સ. મહાવીરસિંહ જાડેજા, ડીસીબીના હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, જયેન્દ્રસિંહ પરમાર, હસમુખભાઇ સબાડ, કોન્સ. અનુજભાઇ ડાંગર, અર્જુનભાઇ ડવની ટીમ વધુ તપાસ કરે છે.

### ઓળખીતા ગેરેજ સંચાલકના નંબર પરથી મેસેજ આવ્યો હોઇ ઉપયોગી હશે સમજી લિંક ઓપન કરતાં જ શિકાર બન્યા

# પ્રધાનમંત્રી આવાસની APK ફાઈલ મોકલી ૨૦ લાખ ઉસેડ્યા

## વૃધ્ધ એકાઉન્ટન્ટ સાથે સાયબર ફ્રોડ થઇ ગયું : બીજા બનાવમાં રૂબરૂ આવેલા ઠગે લોન અપાવવાના નામે વેપારીના ફોનમાંથી નાણા ઉસેડી લીધા

રાજકોટ તા. ૨૯

સાયબર ફ્રોડ રોજેરોજ થઇ રહ્યું છે. એક પણ દિવસ એવો નથી જતો કે કોઇ ને કોઇ ગામ કે શહેરમાં કોઇ ને કોઇ લોકો છેતરાયા ન હોય. દરરોજ સાયબર ગઠીયાઓ નવા જુના નુસ્ખા વાપરીને લોકોને ઓનલાઇન શીકાર બનાવી રોકડી કરી રહ્યા છે. વધુ એક વખત એપીકે ફાઇલનો ઉપયોગ કરી વીસ લાખ ઉસેડી લેવાયા હતાં. વૃધ્ધ એકાઉન્ટન્ટને એક ઓળખીતા ગેરેજ સંચાલકના નામે એપીકે ફાઇલ આવી હતી. આ ફાઇલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામથી હતી. પરિચીતી ગેરેજ સંચાલકે ઉપયોગી માહિતી મોકલી હશે તેમ સમજીવૃધ્ધે આ ફાઇલ ઓપન કરતાં જ ડાઉનલોડ થઇ ગઇ હતી. એ પછી તેમના બેંક ખાતામંથી એક બે નહિ પણ એકસો છપ્પન ટ્રાન્જેકશન કરીને લાખો રૂપિયા ઉપાડી લેવાયા હતાં. બીજા કિસ્સામાં એક વેપારી પાસે ગઠીયો રૂબરૂ આવી ફોન પે કંપનીના કર્મચારીની ઓળખ આપી લોન અપાવવાના નામે ખેલ પાડી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ વખતે ઠગાઇનો ભોગ અમદવાદનાના વૃધ્ધ બન્યા છે. શહેરના પાલડી વિસ્તારમાં રહેતા વૃદ્ધ એકાઉન્ટન્ટના નંબર પર ઓળખીતા ગેરેજવાળાના નંબર પરથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની એપીકે ફાઇલ આવી હતી. આ ખ્બ્ક ફાઇલ ડાઉનલોડ કરતા જ વૃદ્ધના મોબાઇલનું એક્સેસ સાયબર ગઠિયાઓએ મેળવી લીધું હતું.




ત્રણ અલગ અલગ એકાઉન્ટમાંથી ગઠિયાઓએ કુલ એકસો છપ્પન ટ્રાન્જેક્શન દ્વારા ૨૦ લાખ ઉપાડી લીધા હતા જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોએ વધુમાં જણાવ્યું કે પાલડી વિસ્તારમાં રહેતા સડતસઠ વર્ષીય વૃદ્ધ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. વૃદ્ધના મોબાઈલ નંબરથી તેમનું, તેમના પત્નિનું અને એક મિત્રનું એકાઉન્ટ નંબર લિંક હતું. થોડા દિવસ વૃદ્ધને તેમના ઓળખીતા ગેરેજવાળા મારફતે એક ખ્બ્ક ફાઇલ આવી હતી. આ એપીકે ફાઇલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામની હતી જે ફાઇલ ડાઉનલોડ કરતા અંદર કઈ મળી આવ્યું ન હતું. જો કે થોડા દિવસ બાદ વૃદ્ધના દીકરાએ વૃદ્ધના ખાતામાંથી ચેક ભર્યો તો રિટર્ન થયો હતો જેથી વૃદ્ધે બેંકમાં જઈને તપાસ કરી હતી.

આ પછી વૃધ્ધે બેંકમાં જઈને તપાસ કરતા તેમના, પત્નિના અને મિત્રના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા લાખો રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. ૧૫૬ અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા ૨૦.૦૬ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જે અંગે વૃદ્ધે સાયબર હેલ્પલાઇનનો સંપર્ક કરી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી એક ઠગાઇ જોઇએ તો વાસણામાં રહેતા પરેશ શાહ વાસણામાં જ બુટ ચંપલની દુકાન ચલાવે છે. થોડા દિવસ અગાઉ તેમની દુકાને એક અજાણ્યો શખ્સ આવ્યો હતો જેને પોતે ફોન પેમાંથી આવતો હોવાની ઓળખ આપી હતી. આ શખ્સે ફોન પેના ક્યુઆર કોડ પોતાના મોબાઇલમાં સ્કેન કરીને પરેશભાઈને જણાવ્યું હતું કે તમને ૫.૫૦ લાખની લોન મળી શકે છે, તમારે લેવી છે?

જેથી પરેશભાઇ હા પાડતા અજાણ્યા શખસે પરેશભાઈનો ફોન લઈને ફોન પે એપ્લીકેશન ખોલીને -ોસેસ કરી હતી. બાદમાં અજાણ્યા શખ્સે કહ્યુ હતું કે, મારાથી પ્રોસેસ થતી નથી, મારા મિત્રને લઈને આવું છું. થોડીવાર બાદ ફોન તપાસતા પરેશભાઇના ફોનમાંથી ૧૨ હજાર ટ્રાન્સફર થયા હતા. જે અજાણ્યા શખસે કર્યા હતા. જેથી પરેશભાઇએ આ અંગે વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ ઓનલાઇનની સાથે સાથે રૂબરૂ આવીને પણ ગઠીયા રોલ ફેરવી ગયા હતાં. આ બંને કિસ્સામાં ગઠીયાઓને શોધવા પોલીસની ટીમો કામે લાગી હતી.

### ટેલિગ્રામ ગ્રુપમાં એડ કરવામાં આવતાં પોસ્ટ કર્મીએ ચાર મહિના નિરીક્ષણ કર્યુ પછી રોકાણ શરૂ કર્યુ

# ફોરેન એક્ષચેન્જના નામે ૩૪ લાખનો ચૂનો

## શરૂઆતમાં દસ હજારના રોકાણમાં તુરંત ચાર હજાર નફો અપાયોઃ પછી રોકણ પર એક કરોડ ત્ર્યાંસી લાખનો નફો એપમાં દેખાડાયોઃ પણ રૂપિયા ઉપાડવા પ્રોસેસ કરતાં જ ગ્રુપ બંધ કરી દેવાયું

રાજકોટ તા. ૨૯

ઓનલાઇન છેતરપીંડીના વધી ગયેલા બનાવો વચ્ચે વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં ટેલીગ્રામ ગ્રુપમાં એક પોસ્ટ કર્મચારીને ગઠીયાઓએ એડ કરી રોકાણ પર નફાની લાલચ આપી ચોત્રીસ લાખ પડાવી લીધા હતાં. શરૂઆતમાં તેમને દસ હજારના રોકાણ પર તુરત જ ચાર હજારનો નફો આપી દઇ વિશ્વાસ કેળવી લેવાયો હતો. આ પછી તેમને વધુ રકમનું રોકાણ કરવા લલચાવાયા હતાં. ફોરેન એક્ષચેન્જ ટ્રેડીંગના નામે આ ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના વડસર પોસ્ટ ઓફિસના કર્મચારી કુંતલ જોષી ઓનલાઇન છેતરપિંડીનો ભોગ બન્યા હતોં. ટેલિગ્રામ પર ચોવીસ ગોલ્ડ ફોરેન એક્સચેન્જ ઓફિશિયલ ટ્રેડિંગ ગ્રુપમાં ગોલ્ડ ટ્રેડિંગની લાલચમાં આવી તેમણે કુલ ૩૪.૦૫ લાખ ગુમાવ્યા હતાં. શરૂઆતમાં દસ હજારનું રોકાણ કરી ચાર હજારનો નફો મળતા વિશ્વાસ બેઠો. બાદમાં વધુ રોકાણ કરાવ્યા પછી ૧.૮૩ કરોડ વોલેટમાં દેખાતા, રકમ ઉપાડવા જતા વોલેટ ફ્રીઝ થયું અને ગ્રુપ બંધ થઈ ગયું. સાયબર ક્રાઈમે તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર વડોદરા શહેરના વડસર વિસ્તારની પોસ્ટ ઓફિસના કર્મચારીએ ઓનલાઇન ગઠિયાઓની લાલચમાં આવીને ટેલિગ્રામ ગૃપમાં ગોલ્ડ ફોરેન એક્સચેન્જમાં રોકાણ કરીને રૂપિયા ૩૪.૦૫ લાખ ગુમાવ્યા હતાં. વડોદરા નજીક કેલનપુર પાસે અક્ષર આંગન સોસાયટીમાં રહેતા કુંતલ નરેન્દ્ર-સાદ જોષીએ સાયબર ક્રાઇમમાં લૌરા નામની વ્યક્તિ તેમજ ટેલિગ્રામના ૨૪ ગોલ્ડ ફોરેન એક્સચેન્જ ઓફિશિયલ ટ્રેડિંગ ગૃપ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું વડસર બ્રિજ નીચે એમઆઇ એસ્ટેટ પોસ્ટ ઓફિસમાં



પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવું છું. મને ૨૪ ગોલ્ડ ફોરેન એક્સચેન્જ ઓફિશિયલ ટ્રેડિંગ ગૃપમાં ટેલિગ્રામ એકાઉન્ટમાં એડ કર્યો હતો. આ ટેલિગ્રામનું ગ્રુપ શેર માર્કેટિંગ ટ્રેડિંગ ગ્રુપ હતું.

ચારેક મહિના સુધી મેં આ ગ્રુપમાં નિરીક્ષણ કર્યુ હતું બાદમાં એક લિન્ક પર ક્લિક કરી તેમાં મેં મારી બેન્ક એકાઉન્ટ સહિતની તમામ વિગતો ભરી મારુ ટ્રેડિંગ એકાઉન્ટ બનાવી વોલેટ બનાવ્યું હતું. આ ટ્રેડિંગ એકાઉન્ટમાં ગોલ્ડ, સિલ્વર, ઝિંક, ઓઇલ, કોપર વિગરે ખરીદી અને વેચી શકો છો તેમ ગૃપના સંચાલક લૌરાએ જણાવ્યું હતું. ગૃપના કેટલાંક સભ્યો ઓઇલની ખરીદી અને વેચાણ પર જે નફો થાય તે બાબતના સ્ક્રીન શોટ મૂકતા હતાં. મેં પણ મારા વોલેટમાં રૂપિયા૧૦ હજાર રિચાર્જ કરાવતા મને રૂપિયા ૪ હજાર નફો થતા તે પૈસા મારા ખાતામાં જમા થયા હતાં. બાદમાં મને વિશ્વાસ બેસતા રોકાણ કરાવવા માટે મારી પાસે અલગ અલગ બેન્કોમાં કુલ ૩૪.૦૫ લાખ ભરાવ્યા હતાં.

આ પછી મારા વોલેટ બેલેન્સમાં અધધધ ૧.૮૩ કરોડ બતાવતા હોવાથી તે રકમ ઉપાડવા જતા વોલેટ ફ્રિઝ થયું હોવાનું જણાયું હતું. લૌરાને આ અંગે વિનંતી કરતા તેણે રિક્વેસ્ટ નામંજૂર કરી રકમ ઉપાડવા દીધી ન હતી અને થોડા સમય બાદ ટેલિગ્રામ પરનું આ ગ્રુપ બંધ થઇ ગયું હતું. ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ રોકાણના નામે વધુ એક મસમોટી ઠગાઇ થઇ હતી. જેમાં પોસ્ટ કર્મચારીને લાલચની જાળમાં લપેટી લઇ ચોત્રીસ લાખ પડાવી લઇ પછી ગ્રુપ જ બંધ કરી દેવાયુ હતું. આ પ્રકારે ઓનલાઇન ઠગાઇના બનાવો રોજબરોજ બનતા રહે છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને લાલચનું ગાજર ખાવા જતાં પોતાના બેંક ખાતા ખાલી કરી નાંખે છે. આ કિસ્સામાં પણ શરૂઆતમાં રોકાણ પર નફો આપી રોકાણકારને ગઠીયાઓએ લલચાવી લઇ પછી મોટો ચૂનો લગાવી દીધો હતો.

### રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીકથી પસાર થનારા

# ૬-લેન ગ્રીનફિલ્ડ બાયપાસ સામે ૧૫ ગામોનો વિરોધ

## ખેડૂતોનો ઉગ્ર આક્રોશ : કલેકટર કચેરીએ ઘેરાવ, ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ છુપાવવા સામે ઉઠ્યા સવાલો

રાજકોટ, તા. ૨૯

રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીકથી પસાર થનારા ૬-લેન ગ્રીનફિલ્ડ રાજકોટ બાયપાસ (એન.એચ.-૨૭) માટે હાથ ધરાયેલી જમીન સંપાદનની પ્રક્રિયા સામે સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોની મંજૂરી વિના એકતરફી નિર્ણય લઈને જમીન હડપવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનો અને તંત્ર દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ મૂકીને આજે બાયપાસ આસપાસ આવેલા ૧૫ જેટલા ગામોના ૩૦૦થી વધુ ખેડૂતો અને ગ્રામજનો રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા. વિરોધ પ્રદર્શન સાથે આક્રોશિત ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરીને યોગ્ય ન્યાય આપવા અને જમીન સંપાદન અંગેની નીતિમાં ફેરફાર કરવા માટે મજબૂત રજૂઆત કરી હતી.

આ વિરોધ પ્રદર્શનમાં સડક પીપળીયા, અરડોઈ, નારણકા, રાજપરા, ભવ્યાસર, કાથરોટા, પાડાસણ, અણિયાળા, ઢાંઢણી, ગઢકા, રફાળા, મઘરવાળા, સાયપર, કુચિયાદડ અને રામપરા બેટી સહિતના ૧૫ ગામોના ખેડૂતો જોડાયા હતા. ખેડૂતોનો મુખ્ય વિરોધ એ વાતનો છે કે તંત્ર દ્વારા સ્થાનિક રહીશો કે અસરગ્રસ્ત ખેડૂતો સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક કે પરામર્શ કર્યા વિના આ સમગ્ર પ્રોજેક્ટ એકતરફી રીતે થોપવામાં આવ્યો છે. આ રોડ સંપૂર્ણપણે 'એક્સેસ કંટ્રોલ' હોવાના કારણે ગામો વચ્ચેના જૂના અને પરંપરાગત રસ્તાઓ કપાઈ જશે. જે રસ્તાનો ઉપયોગ સ્થાનિક જનતા કે ખેડૂતો પોતાના દૈનિક અવરજવર માટે કરી જ ન શકે, તેવો બંધિયાર પ્રોજેક્ટ આ વિસ્તારના વિકાસ માટે નહીં પરંતુ વિનાશ સમાન હોવાનું ગ્રામજનોએ આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે.



અગાઉ જ્યારે અસરગ્રસ્ત ખેડૂતો અને ગ્રામજનોએ આ જ મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું, ત્યારે તંત્ર દ્વારા મૌખિક આશ્વાસન આપવામાં આવ્યું હતું કે આ રોડ એક્સેસ કંટ્રોલ નહીં હોય અને સ્થાનિક લોકોને સીધો ઉપયોગી થાય તેવો ખુલ્લો નિયમિત રસ્તો જ બનાવવામાં આવશે. પરંતુ વાસ્તવિકતા સાવ અલગ સામે આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ગઈઅઈ)ના સત્તાવાર પ્લાન પર પ્રોજેક્ટનું નામ આજે પણ ''ડેવલપમેન્ટ ઓફ એ ન્યુ ૬-લેન એક્સેસ કંટ્રોલ્ડ ફેસિલીટી ફોર રાજકોટ બાયપાસ'' જ દર્શાવવામાં આવ્યું છે. આનાથી એ સ્પષ્ટ સાબિત થાય છે કે તંત્ર દ્વારા મૌખિક ખાતરીઓ આપીને ખેડૂતોને અંધારામાં રાખવામાં આવ્યા છે અને સતત ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત, ખેડૂતોની વારંવારની સત્તાવાર માંગણીઓ છતાં તંત્ર દ્વારા આજદિન સુધી આ પ્રોજેક્ટનો ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ઉઙછ) કે જંકશન ડિઝાઈન જાહેર કરવામાં આવ્યા નથી. ખેડૂતોની માલિકીની ફળદ્રુપ અને વડીલોપાર્જિત જમીન સંપાદિત કરી લેવી, પરંતુ તેના પર કેવા પ્રકારનો રસ્તો બનશે કે કઈ રીતે જંકશન અપાશે તેની માહિતી છુપાવવી એ કુદરતી ન્યાયના પ્રાથમિક સિદ્ધાંતોનું ઘોર ઉલ્લંઘન છે.

ખેડૂતોએ તંત્ર સમક્ષ પોતાની માંગણી રજૂ કરતા જણાવ્યું છે કે ખેડૂતોની આજીવિકા સમાન ઉપજાવ જમીનોનું નિકંદન કાઢવાને બદલે આ પ્રોજેક્ટના અલાઈનમેન્ટમાં તાત્કાલિક ફેરફાર કરવામાં આવે. આ રસ્તાને ખેતરોમાંથી પસાર કરવાને બદલે નજીકની સરકારી પડતર કે બિન-ખેતી જમીન તરફ ડાયવર્ટ કરવામાં આવે અથવા તો હયાત જૂના રસ્તાનું જ વિસ્તરણ કરી સ્થાનિકોને સીધો ઉપયોગી બને તેવો નિયમિત ઓપન રોડ બનાવવામાં આવે.

આ સાથે ખેડૂતોએ જમીનના વળતર અંગે પણ કાયદાકીય મુદ્દા ઉઠાવ્યા છે. 'રાઈટ ટુ ફેર કોમ્પેન્સેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એક્વિઝિશન, રિહેબિલિટેશન એન્ડ રિસેટલમેન્ટ એક્ટ, ૨૦૧૩' ની કલમ-૨૬ નો સંદર્ભ આપતા ખેડૂતોએ જણાવ્યું કે, વાસ્તવિક બજારભાવ કરતાં સેંકડો ગણી ઓછી જંત્રીના આધારે જમીન સંપાદિત કરવી એ બંધારણની કલમ-૩૦૦(એ) હેઠળ ખેડૂતોના મિલકતના અધિકાર પર સીધો તરાપ છે.

### ૨૦૨૭ની ચૂંટણી પહેલાં કોંગ્રેસનો માસ્ટરસ્ટ્રોક! : નવરાત્રી પહેલા નવાજૂનીના એંધાણ

# 'બાપુ'ની કોંગ્રેસમાં ઘરવાપસીના એંધાણ



રાજકોટ, તા. ૨૯

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ને હજુ વાર છે, પરંતુ તે પહેલા જ રાજ્યના રાજકારણમાં એક બહુ મોટો અને પ્રભાવશાળી રાજકીય ઘટનાક્રમ આકાર લઈ રહ્યો હોય તેવા સંકેતો મળી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના દિગ્ગજ ક્ષત્રિય નેતા શંકરસિંહ વાઘેલા (બાપુ) આગામી બે જ દિવસમાં વિધિવત રીતે ફરી એકવાર કોંગ્રેસમાં જોડાય તેવી ચર્ચાઓએ રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો લાવી દીધો છે. જોકે, હાલમાં આ તમામ વિગતો આધારભૂત સૂત્રોના હવાલેથી સામે આવી રહી છે અને આ અંગે કોંગ્રેસ હાઈકમાન્ડ કે શંકરસિંહ વાઘેલા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ જે રીતે છેલ્લા એક મહિનાથી પડદા પાછળ હલચલ ચાલી રહી હતી તે જોતાં આ અટકળોને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

રાજકીય ક્ષેત્રે ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસમાં પરત લાવવા માટે છેલ્લા એક મહિનાથી બંને પક્ષો વચ્ચે સતત બેકડોર વાટાઘાટો અને સંકલનના પ્રયાસો ચાલી રહ્યા હતા. આ સમગ્ર મથામણ દરમિયાન ગુજરાત કોંગ્રેસના પ્રભારી વસંત વગડેની પણ વાઘેલા સાથેની મુલાકાતો અને સતત થઈ રહેલા આંટાફેરાએ આ ચર્ચાને વધુ બળ આપ્યું હતું. કોંગ્રેસના સ્થાનિક અને કેન્દ્રીય નેતાઓ સાથેના સતત સંપર્કો બાદ હવે આ વાટાઘાટો કોઈ ચોક્કસ પરિણામ સુધી પહોંચી હોવાનું મનાઈ રહ્યું છે, જેના કારણે જ આગામી ૪૮ કલાકની અંદર જ તેમની વિધિવત ઘરવાપસી થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

શંકરસિંહ વાઘેલા ગુજરાતના રાજકારણમાં દાયકાઓથી એક મજબૂત અને પ્રભાવશાળી ચેહરો રહ્યા છે. એક સમયે કોંગ્રેસના વિપક્ષી નેતા અને મુખ્યમંત્રી રહી ચૂકેલા વાઘેલા બાદમાં કેટલાક મતભેદોના કારણે કોંગ્રેસથી અલગ રાજકીય માર્ગે નીકળી ગયા હતા. તેમ છતાં, ઉત્તર ગુજરાત અને ક્ષત્રિય સમાજ સહિત સમગ્ર રાજ્યમાં તેમનો જનાધાર અને રાજકીય વજન આજે પણ અકબંધ માનવામાં આવે છે. હવે જ્યારે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો પોતાની રણનીતિ ઘડી રહ્યા છે, ત્યારે જો શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં વાપસી થાય છે તો તે કોંગ્રેસ માટે એક મોટું માસ્ટરસ્ટ્રોક સાબિત થઈ શકે છે.

જોકે, આ ઘરવાપસીની ચર્ચાઓ સાથે જ અનેક નવોદિત સવાલો પણ ઊભા થઈ રહ્યા છે. જો વાઘેલા ફરી કોંગ્રેસનો હાથ પકડે છે, તો આગામી રાજકીય આયોજનમાં તેમની ભૂમિકા શું રહેશે, તેમને પ્રદેશ કક્ષાએ કોઈ માર્ગદર્શક તરીકેની કે મહત્વની સંગઠનાત્મક જવાબદારી સોંપવામાં આવશે કે કેમ, તે અંગે પણ રાજકીય પંડિતો જુદા જુદા સમીકરણો લગાવી રહ્યા છે. હાલમાં તો સૌની નજર કોંગ્રેસ અને શંકરસિંહ વાઘેલા તરફથી કરવામાં આવનારી સત્તાવાર જાહેરાત પર મંડાયેલી છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને આ નિર્ણય પર આખરી મહોર મારવામાં આવ્યા બાદ જ આ સમગ્ર ઘટનાક્રમનું ચિત્ર સ્પષ્ટ થશે, પરંતુ એટલું ચોક્કસ છે કે આ ઘટનાથી ગુજરાતના વર્તમાન રાજકીય માહોલમાં એક નવો જ ગરમાવો આવી ગયો છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ધાંધિયા, વિદ્યાર્થીઓ દંડિત

## ૫૦૦૦ની લેટ ફી મુદ્દે હોબાળો : રિઝલ્ટ જાહેર થતાં પહેલાં જ ફોર્મની મુદત પૂરી! યુનિવર્સિટીના અણઘડ વહીવટ સામે કોંગ્રેસ અને વિદ્યાર્થી નેતા મેદાને

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષા અને પરિણામ વિભાગ વચ્ચે સંકલનના ભારે અભાવના કારણે હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અને ખિસ્સું બંને જોખમમાં મુકાયા છે. પરિણામ મોડા જાહેર કરવા અને ફોર્મ ભરવાની મુદત અગાઉ જ પૂરી કરી દેવાના યુનિવર્સિટી તંત્રના અણઘડ વહીવટ સામે વિદ્યાર્થીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મુદ્દે વિદ્યાર્થી પ્રતિનિધિ અને કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે પરીક્ષા નિયામકને લેખિત રજૂઆત કરી તાત્કાલિક નિર્ણય લેવા માંગ કરી છે.

યુનિવર્સિટી દ્વારા B.A. સેમેસ્ટર-૫ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ ૨૮ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે આગામી રેમેડિયલ પરીક્ષાના ફોર્મ ભરવાની મુદત ૧૪થી ૨૨ સપ્ટેમ્બર સુધી જ રાખવામાં આવી હતી. પરિણામ જ છેલ્લી તારીખ બાદ જાહેર થયું હોવાથી વિદ્યાર્થીઓ સમયસર ફોર્મ ભરી શક્યા નહોતા. યુનિવર્સિટીના પરિણામમાં થયેલા આ વિલંબની સજા વિદ્યાર્થીઓને ભોગવવી પડી રહી છે અને તેમની પાસેથી નિયમિત રૂ. ૭૧૫ના બદલે રૂ. ૫,૦૦૦ જેટલી મોટી રકમ લેટ ફી તરીકે વસૂલવામાં આવી રહી છે, જેને લઈને રોહિતસિંહ રાજપૂતે સવાલ ઉઠાવ્યો છે કે યુનિવર્સિટીના વિલંબના કારણે ફોર્મ ન ભરી શકનારા વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયો લેટ ફી લીધા વિના ફોર્મ ભરવાની વિશેષ તક આપવી જોઈએ.

બીજી તરફ, B.Com. સેમેસ્ટર-૩ (ગુજરાતી માધ્યમ)ના પરિણામમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા બાદ અને કેટલાક હોંશિયાર રેન્કર વિદ્યાર્થીઓ પણ નાપાસ થવાની રજૂઆતો બાદ પેપર રિ-એસેસમેન્ટની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.



જોકે, રિ-એસેસમેન્ટનું પરિણામ અટકાયેલું છે અને બીજી તરફ રેમેડિયલ પરીક્ષાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પણ પૂર્ણ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓને ''ફોર્મ ભરી દો, પરિણામમાં પાસ હશો તો પરીક્ષા નહીં આપવી પડે અને નાપાસ હશો તો આપી દેજો'' તેવી અસ્પષ્ટ સૂચનાઓ આપીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે, ત્યારે જો રિ-એસેસમેન્ટનું પરિણામ મોડું આવે અને વિદ્યાર્થી ફોર્મ ન ભરી શકે તો તેની જવાબદારી કોની રહેશે તેવો તીખો સવાલ પણ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, મુશ્કેલીમાં મુકાયેલા વિદ્યાર્થીઓ જ્યારે હેલ્પલાઈન પર સંપર્ક કરે છે ત્યારે કર્મચારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવાને બદલે અસભ્ય વર્તન કરી ઉડાઉ જવાબો આપી ફોન કટ કરી દેવામાં આવતો હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠી છે. વિદ્યાર્થી નેતા દ્વારા રજૂઆતમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે તંત્રની ભૂલ કે વિલંબની સજા વિદ્યાર્થીઓને ન થવી જોઈએ અને ઇ.ઈજ્ઞળ. સેમ-૩ના રિ-એસેસમેન્ટ તથા રેમેડિયલ પરીક્ષા વચ્ચે યોગ્ય સંકલન સાધીને લેખિત અને સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવે.

દરમિયાન, આ સમગ્ર હોબાળા અને રજૂઆત બાદ ઇન્ચાર્જ પરીક્ષા નિયામક ડો. ધીરેન પંડ્યાએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે ઇ.અ. સેમેસ્ટર-૫ના જે વિદ્યાર્થીઓનું પરિણામ મોડું જાહેર થયું છે અને લેટ ફી વસૂલવામાં આવી રહી હતી, તે તમામ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ પાસેથી લેટ ફી નાબૂદ કરી માત્ર નિયમિત (રેગ્યુલર) ફી જ લેવા માટે સંબંધિત વિભાગને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે.

### શિક્ષણ સમિતિમાં નવા ચહેરાઓને સ્થાન આપવા ભાજપનો વ્યૂહાત્મક દાવ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીમાં ૨૦૦ દાવેદારો

## ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ નેતૃત્વના ૫ કડક નિયમ : આક્રમક લોબિંગ અને આખરી યાદીની આતુરતા




રાજકોટ, તા. ૨૯

રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આગામી ચૂંટણીને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો અને રાજકીય ચહલપહલ જોવા મળી રહી છે. આ ચૂંટણીને ભાજપ દ્વારા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી જેટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે, જેના કારણે પક્ષના અગ્રણીઓથી લઈને પાયાના કાર્યકર્તાઓ સુધી ભારે આક્રમક લોબિંગ અને દોડધામ શરુ થઈ ગઈ છે. આગામી ૨૧ ઓક્ટોબરના રોજ આ ચૂંટણી યોજાનાર છે, જ્યારે આવતીકાલે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી દાવેદારોમાં પોતાના નામની સત્તાવાર જાહેરાતને લઈને ભારે ઉત્કંઠા જોવા મળી રહી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના માળખાની વાત કરીએ તો તેમાં કુલ ૧૫ સભ્યોનું બોર્ડ હોય છે. આ ૧૫માંથી ૧૨ સભ્યોની ચૂંટણી પ્રક્રિયા દ્વારા પસંદગી થાય છે, જ્યારે બાકીના ૩ સભ્યોની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા પ્રતિનિધિ તરીકે કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણના વહીવટમાં પોતાની ભૂમિકા ભજવવા અને પક્ષમાં સ્થાન મજબૂત કરવા માટે આ વખતે ભાજપના ૨૦૦થી વધુ ઉત્સાહી કાર્યકર્તાઓએ દાવેદારી નોંધાવી હતી. સ્થાનિક સ્તરે તમામ દાવેદારોની ક્ષમતા અને પાર્શ્વભૂમિકા ચકાસ્યા બાદ, આખરી આકાર આપવા માટે ૬૦ દાવેદારોના નામોની શોર્ટલિસ્ટ યાદી તૈયાર કરીને પ્રદેશ નેતૃત્વને મોકલી આપવામાં આવી છે.

પ્રદેશ ભાજપ દ્વારા આ વખતે શિક્ષણ સમિતિમાં સ્વચ્છ, શિક્ષિત અને શિસ્તબદ્ધ સભ્યોને સ્થાન આપવા માટે ખાસ પાયાના કડક નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે. જેમાં પ્રથમ નિયમ મુજબ ઉમેદવાર ફરજિયાતપણે સ્નાતક (ગ્રેજ્યુએટ) હોવા જોઈએ, જેથી તેઓ શિક્ષણ કાર્યની ગુણવત્તા સમજી શકે. બીજું, ઉમેદવારનો કોઈ પણ પ્રકારનો ગુનાહિત કે વિવાદાસ્પદ ઈતિહાસ ન હોવો જોઈએ. ત્રીજું, પક્ષમાં નવા ચહેરાઓને પ્રોત્સાહન આપવા માટે ઉમેદવાર અગાઉ કોઈપણ પ્રકારની ચૂંટણી લડેલા ન હોવા જોઈએ તે શરત મૂકાઈ છે. ચોથું, સભ્યો માટે વયમર્યાદા મહત્તમ ૬૨ વર્ષ નક્કી કરવામાં આવી છે, જેમાં માત્ર અત્યંત અપવાદરૂપ કિસ્સામાં જ છૂટછાટ મળશે. ઉપરાંત, સંપૂર્ણપણે 'નો રિપીટ થીયરી' અમલી બનાવીને જૂના સભ્યોના પત્તા કાપી નવા કાર્યકરોને તક આપવાનો સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે.

હવે તમામ દાવેદારો અને સ્થાનિક રાજકીય નિરીક્ષકોની નજર પ્રદેશ નેતૃત્વના આખરી નિર્ણય પર ટકેલી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં જ પસંદગી પામેલા આખરી ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે.